AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

માસિક

**જુલાઈ-૨૦૨૦**


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| ખયાનતનો ગુનો | ૫ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| મજૂર – ચાકરના હકો | ૧૪ |
| બંદગી : દીની દુન્યવી કામ્યાબીનો સબબ | ૧૫ |
| મય્યિતના ગુસલ–કફનની હિકમતો | ૧૯ |
| તકદીરની હકીકત | ૨૩ |
| ખર્ચ કરવા ન કરવાનો નિયમ | ૨૫ |
| યુવકો – યુવતીઓની કેળવણી | ૨૭ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધકથા | ૩૩ |
| Haz.Mufti Saeed Palanpuri rh | ૩૪ |
| છેલ્લા પાને | ૩૮ |


માણસે એના દુશ્મનથી સાવચેત રહેવાની જરૂરત દરેક સમયે હોય છે. પણ કોઈકવાર દોસ્તથી પણ સાવચેત રહેવું જરૂરી થઈ પડે છે. વિશેષ કરીને જયારે દોસ્ત વધારે પડતી તારીખ – વખાણ કરવા માંડે...

દોસ્તનું મહત્વનું કામ વખાણ કરવું નહીં, ખામીઓ – ભૂલો ઉપર ટકોર કરવું અને જરૂરી મદદ પુરી પાડવાનું છે.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જુલાઈન– ૨૦૨૦ ઈ.

ઝીલકઅદહ –૧૪૪૧ હિ.

વર્ષ – ૨૦, અંક – ૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## દુઆએ મગફિરત

● પાછલા દિવસોમાં મુંબઈ ખાતે જામિઅહના હમદર્દ, સહાયક અને શુભેચ્છક મુહતરમ જનાબ અહમદ સારોદી સાહેબના અહલિયહ હલીમા બહેનનો ઈન્તેકાલ થઈ ગયો. ઈન્નાલિલ્લાહ.. મરહૂમહ ઘણાં જ મિલનસાર, ખિદમતગુઝાર, અને નેક દીની સ્વભાવ ધરાવતાં હતાં. ઉલમા અને મદરસાઓ પ્રત્યે વિશેષ હમદર્દી ધરાવતાં હતાં. જામિઅહની સ્થાપના સમયથી જ તેઓ અને એમના શોહર જામિઅહ માટે ઘણા મદદરૂપ થતાં હતાં. જનાબ અહમદભાઈ અને એમના જમાઈ એરલાઈન્સમાં સારી પોસ્ટ ઉપર સેવા આપે છે, એ આધારે જામિઅહના ઉસ્તાદો માટે વિદેશ જવા માટે મહત્વની મદદ પૂરી પાડતા હતા. અમુક વરસો પહેલાં આજના જેવી સવલત અને સરળતા ન હતી, ત્યારે પણ એમની સહાય થકી કામો એટલી જ સરળતાથી પુરાં થતાં હતાં જેમ આજે થાય છે. આ વિશે ઘણીવાર એમના ઘરે જવાનું થતું, તો ઉલમાએ કિરામનું પુરું સન્માન કરતાં અને બનતી ખિદમતની કોશિશ કરતાં હતાં. એરપોર્ટની ડયુટીના આધારે જનાબ અહમદભાઈ પાસે ઘણીવાર મોડી રાત્રે કે વહેલી સવારે મુલાકાત કરવાની થતી. અહિંયા કામકાજ પણ પુરું થતું, સન્માનભરી આગતા સ્વાગતા અને અને પોતીકાપણાના એહસાસ સાથે મુલાકાત ખતમ થતી હતી. આવા ખામોશ ખિદમતગુઝારોની કુરબાની વધારે કુબૂલ થાય અને વધારે બદલો મળે એવી દુઆ કરીએ છીએ. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. નેકીઓ કુબૂલ ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં સ્થાન અતા ફરમાવે. સગાઓને સબ્ર અને અજ્ર આપે. અને ખાનદાનમાં એમની ખૂબીઓના વારસદાર પેદા ફરમાવે. આમીન.

● વડોદરા ખાતે મુસ્લિમ દૂધવાલા જમાતના પ્રમુખ જનાબ ગુલામનબી હાજીભાઈ દૂધવાલા (જી.એચ.પ્રિન્ટીંગ પ્રેસવાલા) પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. દીની – ઈમાની સ્વભાવ ધરાવતા હતા. એમના એક પુત્ર જામિઅહ જંબુસરથી બે વરસ પહેલાં આલિમ – ફાઝિલ બન્યા છે. છેલ્લા ૮ વરસથી સંસ્થાના પ્રમુખપદે હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન નસીબ ફરમાવે.

● ઉપરાંત પાછલા દિવસોમાં દેશ વિદેશમાં અનેક ઉલમા, બુઝુર્ગો, જામિઅહના હમદર્દો ઈન્તેકાલ ફરમાવી ગયા. જંબુસર અને આસપાસના ગામડાઓમાં પણ અનેક લોકો અને વિશેષ સંબંધીઓ – ઓળખીતાઓ ઈન્તેકાલ ફરમાવી ગયા. જામિઅહમાં દરેકની વફાતની નોંધ લેવામાં આવી છે, એમના માટે દુઆઓ અને ઈસાલે સવાબનો એહતેમામ કરવામાં આવે છે અને આગળ પણ એમને યાદ રાખીને એમના માટે દુઆ – ઈસાલે સવાબનો એહતેમામ કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ.

## તંત્રી સ્થાનેથી.

વર્તમાન સમયમાં ભારત અને વિશ્વમાં કોરોના વાયરસનો ફેલાવો આગળ વધી રહયો છે. ગણતરીના અમુક દેશોએ એના ઉપર કાબૂ મેળવ્યો છે, અને વિશ્વના મોટા દેશો હજુ પણ આ બીમારીમાં વધુ ખુંપી રહયા છે. ભારત, અમેરિકા, રુસ, ખાડીના મુસ્લિમ દેશો, બધે જ બીમારી વકરી રહી છે, સંશાધનો ખુટી રહયા છે, અલબત્ત બધું બંધ કરીને બેસી રહેવું પણ શકય નથી એટલે જનજીવન ધબકતું કરવામાં આવી રહયું છે. સરકારો પાસે પોતાની જરૂરતો પૂરી કરવાના પૈસા નથી, તો લોકોની સહાય કરવાની શકિત કયાંથી હોય ? એટલે લોકોને છુટ આપવામાં જ સરકારોની સલામતી છે. બાકી બીમારી છે અને ફેલાય રહી છે એ પણ બધા જ જાણે સમજે છે, હવે જેનું જે થવાનું હોય તે થાય, મરો કે જીવો... હા, જે લોકો બીમાર પડે એમને યોગ્ય સારવાર મળી રહે એવા આયોજનો કરવાના સરકાર પ્રયત્નો કરે છે. દરેક દેશની સ્થિતિ અને વ્યવસ્થા પ્રમાણે એ ઓછા – વધતા, સારા – ખરાબ, કે પૂરતા – અપૂરતા હોય શકે છે.

સમાજની વાત કરીએ તો લોકડાઉનના આરંભે લોકોએ સારી રીતે ગરીબોની મદદ કરી, રોજગાર વિહોણા થયેલા લોકો પ્રત્યે લાગણી દાખવીને એમની વહારે પહોંચ્યા. ત્યાર પછી પરપ્રાંતિય લોકો એમના વતન જવા નીકળ્યા ત્યારે એમની સહાયમાં પણ સમાજ આગળ આવ્યો અને દરેકે એની શકિત મુજબ મદદ કરવાના પ્રયત્નો કર્યા. લોકોએ સ્વેચ્છિક રીતે, કોઈ આયોજન વગર, છુટક રીતે એટલી બધી વ્યાપક અને સરસ મદદ કરી છે કે સરકારી સ્તરે પણ કદાચ આવી વ્યવસ્થા ન કરી શકાયી હોત. સરકાર તરફથી ફકત લોજિસ્ટિક સહાય અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હોત તો આજે બીમારી પણ કાબૂમાં હોત અને લોકો સુખનો શ્વાસ લેતા હોત. સરકાર દર વખતની જેમ આગોતરું આયોજન કરી શકી નહીં, પછી રોજ નવા નિયમો, આજે છુટ તો કાલે પાબંદી... ખેર હવે બધા પોતાને ઠેકાણે ઠાળે પડયા છે, પણ બીમારી ફેલાય રહી છે. આપણે મસ્જિદો ખોલાવવા ઉતાવળા હતા, જે ખુલી ગઈ છે. હવે દરેકની વ્યકિતગત તકેદારી અને જવાબદારી ઉપર બધું નભી

રહયું છે. પ્રસાશનના હાથ ટુંકા છે, લોકોએ સહકાર આપવો જ રહયો.

આગળનું વિચારીએ તો લોકોનો રોજગાર ધીરે ધીરે સામાન્ય થઈ રહયો છે, પણ એમાં ઘણો સમય લાગશે, આસપાસની ખબર રાખવી હવે જરૂરી થઈ ગઈ છે, જરૂરમંદની મદદ, સ્થાનિક ધંધાઓનું સમર્થન, છુટક વેપારીઓ પાસેથી ખરીદી, વગેરે કામો જરૂરી છે. આપણામાં વિવિધ સ્તરે બનેલી નાની મોટી સંસ્થાઓ થકી આપણે દરેક ઘરની સ્થિતિનો તાગ મેળવવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. જમઈયત, જમાઅત, મસ્જિદો, મદરસાઓ, શૈક્ષણિક, સામાજિક, ગમે તે મકસદે સંસ્થા બનાવી હોય, એની પાસે પોતાનું એક માળખું અને કાર્યકરો હોય છે, જેના થકી સમાજ સેવાનું કામ સારી રીતે કરી શકાય છે. એના માટે અલાયદી કમીટી, વ્યવસ્થા અને બજેટ ઉભું કરી શકાય છે, પણ મુળભુત માળખાથી કામ લઈને આગળ આવવાની જરૂરત છે.

આગળ હવે બકરઈદ આવી રહી છે, એ દરમિયાન કુરબાનીનો હુકમ આપણે પૂરો કરવાનો છે. એનું આયોજન પણ આપણી ફરજ છે. જાનવરોની ખરીદી, એની મંડી, વેચાણ, ખરીદયા પછી દરેકના ઘરે એની સાચવણી... ઘણી બધી બાબતો વર્તમાન બીમારીના સમયમાં આવશ્યક સફાઈના માપદંડો સાથે બંધબેસતી નથી, જેનો આપણે વિચાર કરવો રહયો. અત્યાર સુધી કુરબાનીનું આપણે ત્યાં કોઈ વિશેષ આયોજન કરવામાં આવતું ન હતું. લોકો વ્યકિગત રીતે પોતાની વ્યવસ્થા કરતા આવે છે. અલબત્ત અમુક મદરસાઓ થકી હિસ્સાઓ વાળી કુરબાનીનું નાના સ્તરે આયોજન કરવામાં આવે છે.

આ વેળા દરેક ગામડે, અને શહેરોના લોકો માટે વિવિધ સ્થળોએ જાનવરોના વાડા અત્યારથી જ બનાવવામાં આવે, પૂરી સફાઈ – તકેદારી રાખવામાં આવે, ત્યાં જાનવરોને રાખવામાં આવે, સામુહિક કુરબાની કરવામાં આવે અને ઘેર ઘેર ગોશ્ત પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે એ જરૂરી છે. બીજી સુરતો અને વિકલ્પો પણ વિચારી શકાય છે. પરંતુ એના માટે અત્યારથી જ સ્થાનિક સ્તરે પ્રયાસો શરૂ કરી દેવા જોઈએ અને સલાહ – મસલત શરૂ કરી દેવી જોઈએ.

---

# ખયાનતનો ગુનો, નબીની પવિત્રતા અને ઉમ્મત ઉપર નબીના એહસાનો

—મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحیم

وَمَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّغُلَّ ؕ وَمَنْ يَّغْلُلْ
يَاْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى
كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ۝١٦١ اَفَمَنِ اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ
كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ
جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ۝١٦٢ هُمْ
دَرَجٰتٌ عِنْدَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا
يَعْمَلُوْنَ ۝١٦٣ لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى
الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ
اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ
وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ
وَالْحِكْمَةَ ۚ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ
ضَلٰلٍ مُّبِيْنٍ ۝١٦٤

તરજમહ : અને કોઈ (પણ) નબીની આ શાન જ નથી કે (ગનીમતમાં) ખિયાનત કરે. અને જે કોઈ ખયાનત કરશે તે કિયામતના દિવસે ખયાનત વાળી વસ્તુ લઈને આવશે. પછી દરેક વ્યકિતને એની કમાણી (કાર્યો)નો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમની સાથે અન્યાય નહીં થાય. (૧૬૧) શું એવો માણસ જે અલ્લાહની મરજીને તાબે હોય તે એવા માણસ જેવો હોય શકે છે ? જે અલ્લાહની નારાજગીનો હકદાર હોય અને એનું ઠેકાણું જહન્નમ હોય. અને તે (જહન્નમ) ઘણું ખરાબ ઠેકાણું છે. (૧૬૨) આ બધા લોકો અલ્લાહ પાસે વિવિધ મરતબા પ્રમાણે હશે અને તેઓ જે કંઈ કરે છે તે બધું અલ્લાહ તઆલા ખૂબ જોનાર છે. (૧૬૩) સાચે જ અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર એહસાન કર્યું, એવી રીતે કે એમની પાસે એક રસૂલ, એમના માંહેથી જ મોકલ્યા જે તેમની સામે અલ્લાહની આયતો પઢે છે અને તેમને (કુફ્ર–શિર્ક જેવા ગુનાહોથી) પવિત્ર કરે છે અને તેમને કિતાબ તેમજ હિકમતની વાતો શીખવાડે છે. અને હકીકતમાં આ લોકો પહેલેથી જ

સ્પષ્ટ ગુમરાહીમાં હતા. (૧૬૪)

તફસીર : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો નિયમ હતો કે કોઈ પણ લડાઈ પછી સહાબામાં એલાન ફરમાવતા કે જેની પાસે પણ દુશ્મને છોડેલો કે એની પાસેથી છીનવેલો કોઈ માલ હોય તો જમા કરાવી દેવામાં આવે. આ ગનીમતનો માલ કહેવાતો. એમાંથી પાંચમો ભાગ બયતુલ માલ માટે અલગ કરીને બાકીના ચાર ભાગ લશ્કરમાં દરેકને એના હક મુજબ વહેંચવામાં આવતા. આ નિયમમાં રજમાત્ર ઢીલ વર્તવામાં આવતી ન હતી. એક વાર કોઈ સહાબી માલની વહેંચણી થઈ ગયા પછી લગામની મામૂલી રસ્સી લઈને આવ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને પૂછયું કે તમે હઝ. બિલાલનું માલ જમા કરાવવા વિશેનું એલાન સાંભળ્યું હતું, એમણે હા, કહીને મોડું થવાનું કોઈ કારણ બતાવ્યું. છતાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, હવે એ તમારી પાસે જ રાખો. કયામતમાં સાથે લઈને આવજો. આ બાબતે આટલો સખત નિયમ એટલા માટે છે કે આવા માલમાં ઘણા બધા લોકો, સેંકડો અને હઝારો લોકો હકદાર હોય છે. એકવાર માલ વહેંચાય જાય પછી આવી એક વસ્તુને ફરીવાર આટલા બધા લોકોમાં વહેંચવી અશકય હોય છે. અને જે કોઈ માણસ આવો માલ સંતાડી લે કે વાપરી લે એણે એના હકદાર સેંકડો – હઝારો લોકોનો હક માર્યો કહેવાય. આ જ કારણે આવા કૃત્યનો ગુનો પણ ઘણો જ મોટો છે. ઉલમાએ આવા કામને ગુનાહે કબીરહ ગણાવ્યું છે.

આયત નં ૧૬૧ માં આ જ બાબતનું વર્ણન છે. ઘટના એમ બની હતી કે બદરની લડાઈ પછી જયારે દુશ્મને છોડેલ માલ ભેગો કરવામાં આવ્યો તો એમાં એક લાલ ચાદર ઓછી હતી. પૂછપરછ દરમિયાન કોઈ બોલી ગયું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લીધી હશે. આ વાત કોઈ મુનાફિક બોલ્યો હશે તો એની નિયત 'ખયાનત'નો આરોપ જ હશે, અને કોઈ નવમુસ્લિમ અજાણતામાં બોલ્યો હશે તો એની નિયત ખયાનતનો આરોપ લગાવવાની ન હોય, છતાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વિશે આવું બોલવું મોટી ભૂલ હતી. અલ્લાહના નબીઓ તો આવા ગુનાહોથી માસૂમ અને પવિત્ર હોય છે, એમના વિશે આમ વિચારવું જ ખોટું છે, એટલે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારીને લોકોને સમજાવ્યું કે ખયાનત કરવી નબીઓની

શાન જ નથી. તેઓ આવું કરે જ નહીં. એમણે આવા કામો સાથે શી લેવા દેવા ? નબીઓ તો આવું કામ કરી જ નથી શકતા, હા, નબી સિવાય કોઈ બીજાનું આ કૃત્ય હશે. અને જે પણ ખયાનતનું આવું કામ કરશે, એ ખયાનતની વસ્તુ કયામતના દિવસે સાથે લઈને આવશે, એટલે કે આ ગુનાહનો બોજો કયામતના દિવસે એના માથે હશે, અને દુનિયામાં છુપી રીતે જે માલ રાખી લીધો હતો કે વાપરી કાઢયો હતો એ ત્યારે બધાની સામે હશે. કયામતનો દિવસ તો છે જ હિસાબ – કિતાબ માટે, એટલે આવી બધી ખયાનતોનો હિસાબ થશે, ખયાનત કરનાર પાસેથી હિસાબ લઈને જેનો હક મારવામાં આવ્યો હશે એને આપી દેવામાં આવશે, અને અલ્લાહ તઆલાના આ હિસાબ કિતાબમાં કોઈ ઝુલમ કે અન્યાય નહીં થાય. આવા જાહેર અને સહિયારા માલ વિશે માણસ ઘણીવાર એમ વિચારે છે કે હું વધારે હકદાર છું એટલે પોતે જ મારો ભાગ કાઢી લઊં, વહેંચવામાં મને મારો હક મળશે નહીં, પણ આમ વિચારવું – કરવું ખોટું છે, કયામતના દિવસે હિસાબ કિતાબમાં સંપૂર્ણ ન્યાય થશે અને ત્યારે માણસે પછતાવું ન પડે એટલે સહિયારા માલમાં એકતરફી રીતે વપરાશમાં લેવો મોટો ગુનો છે.

ગનીમત ઉપરાંત સહિયારા ગણાતા બધા જ માલોનો આ હુકમ છે. વકફનો માલ, સાર્વજનિક સંસ્થાઓ કે અંજુમન અને ટ્રસ્ટનો માલ, લોકફાળો, બયતુલ માલ, વગેરેનો આ જ હુકમ છે.

પછી ૧૬૨ – ૧૬૩માં આવા કામો કરનાર અને ન કરનાર વચ્ચે સામાન્ય સમીક્ષા કરીને ફરક બતાવવામાં આવ્યો છે કે અંબિયાએ કિરામ તો અલ્લાહની મરજી હાસલ – ભેગી કરીને આવે છે અને ખયાનતકાર તો અલ્લાહની નારાજગી અને ગુસ્સો લઈને આવશે, અને જહન્ન એનું ઠેકાણું હશે, આ બંને બરાબર કેમ કરીને હોય શકે ? અલ્લાહ તઆલા પાસે આ લોકો વચ્ચે ઘણા દરજાઓનો તફાવત હશે. એક જન્નતના ઉચ્ચ સ્થાને હશે તો બીજો જહન્નના તળિયે હશે. અલ્લાહ તઆલા લોકોના કામો અને આમાલને ખૂબ જાણે છે.

આયત ૧૬૪ માં લોકો માટે નબીનું સ્થાન અને મરતબો વર્ણવવામાં આવ્યો છે, એટલે કે આવી હસ્તી વિશે કોઈએ ઉપર મુજબ ખોટા કામનો વિચાર પણ ન કરવો જોઈએ. આયતમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમ વિશે વર્ણવવામાં આવ્યું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું અસ્તિત્વ અને નુબુવ્વત મુસલમાનો માટે ઘણું મોટું એહસાન છે. એના થકી મુસલમાનોને ઘણા ફાયદાઓ છે. નબી દ્વારા મુસલમાનોને કિતાબ અને હિકમતની તાલીમ આપવામાં આવે છે, મુસલમાનોને અલ્લાહના કુરઆન રૂપે અલ્લાહના આદેશો બતાવે છે, લોકોને કુફ્ર – શિર્કથી બહાર કાઢે છે, બીજા ગુનાહો અથવા અકીદાની ખરાબીઓથી પણ પવિત્ર કરે છે. આ બધી બાબતો વિશે લોકો પહેલાં ગુમરાહીમાં હતા, ફકત નબીના આગમન થકી જ લોકોને આ માર્ગદર્શન મળ્યું કે શું કરવું અને શું ન કરવું ?

સૂરએ બકરહમાં આયત નં ૧૨૯ અને ૧૫૧ માં આ બાબતોનું વર્ણન આવી ગયું છે. અગાઉ આયત નં ૧૨૯ માં આ જવાબદારીઓનું વર્ણન આવી ચુકયું છે, આ જવાબદારીઓ નીચે મુજબ છે :

(૧) અલ્લાહ તઆલાની આયતો એટલે કે અલ્લાહની વાતો, આદેશો, શિખામણો વગેરે લોકો સામે રજૂ કરવા. આ આધારે તેઓ અલ્લાહ તઆલાના સંદેશવાહક હોય છે.

(૨) લોકોને ઝાહેરી – બાતેની ગંદકીઓથી પવિત્ર કરવા. એટલે કે તાલીમ – તરબિયત સાથે લોકોના અંતર અને દિલને પણ પાક કરવાં. ઈખ્લાસની તાલીમ અને દિલ – દિમાગને સુધારવા.

(૩) અલ્લાહ તઆલાની કિતાબની તાલીમ. એટલે કે કિતાબ સ્વરૂપે અલ્લાહ તઆલાની જે વાતો અને આદેશો વગેરે લોકો સુધી પહોંચાડયા છે, એ વાતો અને આદેશોને લોકોને અમલી સ્વરૂપે શીખવાડવી, એની કેળવણી કરવી. સમજૂતી આપવી. કોઈ નબી કે રસૂલનું કામ ટપાલીની જેમ 'ફકત સંદેશવાહક' હોવાનું નથી. બલકે તે સંદેશવાહક હોવાની સાથે કેળવણીકાર અને મુરબ્બી પણ હોય છે.

(૪) કિતાબની તાલીમ સાથે 'હિકમત'ની તાલીમ અને શિખામણ આપવી. હિકમત એટલે દીનના અન્ય કાયદાઓ, દરેક પ્રકારના સંસ્કારો, રહેણી – કરણી અને બુદ્ધિગમ્ય અન્ય વાતો.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૪૪

***મૃત્યુની તમન્ના અને દુઆ કરવાની મનાઈ***

ઘણા લોકો દુનિયાની તકલીફો અને દુઃખોથી ગભરાયને મૃત્યુની તમન્ના અને દુઆ કરે છે. એ ઘણી જ નાદાની અને કમ હિંમતી ત્થા ધીરજ વિહોણી વાત છે. અને ઈમાન નબળુ હોવાની નિશાની છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેનાથી મનાઈ ફરમાવી છે.

(۲۹۱) عَنْ اَبِی هُرَیْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لاَ یَتَمَنّٰی اَحَدُکُمُ الْمَوْتَ اِمَّا مُحْسِناً فَلَعَلَّهٗ اَنْ یَزْدَادَ خَیْراً وَاَمَّا مُسِیْئاً فَلَعَلَّهٗ اَنْ یَسْتَعْتِبَ۔ (البخاری)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ તમારામાંથી કોઈ મૃત્યુની તમન્ના ન કરે, જો તે નેક છે તો આશા છે કે જયાં સુધી જીવંત રહેશે, તેની નેકીઓના ભંડારમાં ઉમેરો થતો રહેશે, અને જો તેના અમલો બેકાર છે. તો બની શકે છે કે ભવિષ્યના જીવનમાં તોબા વગેરેથી અલ્લાહને રાજી કરી લે. (બુખારી શરીફ)

ખુલાસો :– સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની આ હદીષના શબ્દો આટલા જ છે. જે ઉપર વર્ણન થયા, પરંતુ સહીહ મુસ્લિમની રિવાયતમાં નહીવત ફરક છે. અને તેમાં મૃત્યુની તમન્ના સાથે તેની દુઆ કરવાથી પણ રોકવામાં આવ્યું છે.

(۲۹۲) عَنْ اَنَسٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لاَیَتَمَنَّیَنَّ اَحَدُکُمُ الْمَوْتَ مِنْ ضُرٍّ اَصَابَهٗ فَاِنْ کَانَ لاَبُدَّ فَاعِلاً فَلْیَقُلْ اَللّٰهُمَّ اَحْیِنِیْ مَا کَانَتِ الْحَیٰوةُ خَیْراً

لِّی وَتَوَفَّنِیۡ اِذَا کَانَتِ الۡوَفَاۃُ خَیۡرًا لِّیۡ۔ (رواہ البخاری ومسلم)

તરજુમો:– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: તમારામાંથી કોઈ દુ:ખ અને તકલીફના કારણે મોતની તમન્ના (અને દુઆ) ન કરે, જો (તેના અંદર આત્માથી) બિલ્કુલ લાચાર હોય તો એવી દુઆ કરે કે એય અલ્લાહ! મારા માટે જયાં સુધી જીવન બેહતર હોય ત્યાં સુધી મને જીવન દાન આપ. અને જયારે મારા માટે મૃત્યુ ઠીક હોય તે સમયે મને દુનિયાથી ઉઠાવી લે. (બુખારી, મુસ્લિમ)

***<u>બીમારી પણ મો'મિન માટે રહમત અને ગુનાહોનો કફ્ફારો</u>***

જે પ્રમાણે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મૃત્યુ સંબંધી બતાવ્યું કે તે ફના અને ખતમ થવાનું નામ નથી, પણ એક બીજા જીવનનો આરંભ અને બીજી દુનિયા તરફ જવું છે. જે અલ્લાહના ઈમાન વાળા બંદાઓ માટે ઘણું જ સુંદર હશે, અને એજ હિસાબે મૃત્યુ મો'મિન માટે ભેટ છે. એ જ મુજબ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બતાવ્યું કે બીમારી પણ માત્ર દુ:ખ અને મુસીબત નથી. પણ એક રીતે તે રહમત છે. તેનાથી ગુનાહોથી સફાઈ થાય છે. અલ્લાહના નેક બખ્ત બંદાઓએ બીમારી અને બીજી તકલીફો તથા મુસીબતો ખુદા તરફથી ચેતવણી સમજીને પોતાની સુધારણાની ફિકર અને કોશીષમાં લાગી જવું જોઈએ. નીચેની હદીષોમાં એ જ શિક્ષણ અને દોરવણી આપવામાં આવી છે.

(۲۹۳) عَنۡ اَبِی سَعِیۡدٍؓ عَنِ النَّبِیِّ ﷺ قَالَ مَا یُصِیۡبُ الۡمُسۡلِمَ مِنۡ نَصَبٍ وَّلَا وَصَبٍ وَّلَا هَمٍّ وَّلَا حُزۡنٍ وَّلَا اَذًی وَّلَا غَمٍّ حَتّٰی الشَّوۡکَةَ یُشَاکُهَا اِلَّا کَفَّرَ اللّٰهُ بِهَا مِنۡ خَطَایَاهُ۔ (رواہ البخاری ومسلم)

તરજુમો:– હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: મો'મિનને જે કંઈ દુ:ખ દર્દ અને તકલીફ, ત્થા ગમ અને પરેશાની સાંપડે છે. એટલે સુધી કે કાંટો પણ વાગે છે, તો અલ્લાહ તઆલા તેનાથી ગુનાહોની સફાઈ કરી આપે છે.(બુખારી, મુસ્લિમ શરીફ)

(۲۹٤) عَنۡ عَبۡدِ اللّٰهِ ابۡنِ مَسۡعُوۡدٍؓ قَالَ قَالَ رَسُوۡلُ اللّٰهِ ﷺ مَا مِنۡ مُسۡلِمٍ

يُـصِيبُـهٗ اَذًى مِـنْ مَـرَضٍ فَـمَا سِوَاهُ اِلَّا حَطَّ اللّٰهُ تَعَالٰى بِهٖ سَيِّئَاتِهٖ كَمَا تَحُطُّ الشَّجَرَةُ وَرَقَهَا۔(رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ કોઈ મો'મિનને જે પણ તકલીફ પહોંચે છે. બીમારીથી અથવા તે સિવાય તો અલ્લાહ પાક તેનાથી ગુનાહો એવી રીતે સાફ કરી દે છે. જેમકે પાનખર ઋતુમાં સુકા પાંદડા ખરી પડે છે. (બુખારી, મુસ્લિમ)

(٢٩٥) عَـنْ اَبِـى هُـرَيْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِﷺ لَايَزَالُ الْبَلَاءُ بِالْمُؤْمِنِ اَوِ الْـمُـؤْمِنَةِ فِى نَفْسِهٖ وَمَالِهٖ وَوَلَدِهٖ حَتّٰى يَلْقَى اللّٰهَ تَعَالٰى وَمَا عَلَيْهِ مِنْ خَطِيْئَةٍ۔ (رواه الترمذى)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ અલ્લાહના અમુક મો'મિન બંદા અને બંદીઓ પર અલ્લાહ તરફથી તકલીફો અને મુસીબતો આવે છે. કદી જાન પર, કદી માલ પર, કદી અવલાદ પર, (તેના પરિણામે તેના ગુનાહ ખરે છે) એટલે સુધી કે મૃત્યુ પછી અલ્લાહ સામે એવી હાલતમાં જશે કે તેનો એક ગુનોહ પણ બાકી નહીં હશે. (તિર્મિઝી શરીફ)

(٢٩٦) عَـنْ مُـحَـمَّـدِ ابْنِ خَالِدِ السُّلَمِىِّؓ عَنْ اَبِيْهِ عَنْ جَدِّهٖؓ قَالَ قَالَ رَسُوْلُ الـلّٰـهِﷺ اِنَّ الْـعَبْدَ اِذَا سَبَقَتْ لَهٗ مِنَ اللّٰهِ مَنْزِلَةٌ لَمْ يَبْلُغْهَا بِعَمَلِهٖ اِبْتَلَاهُ اللّٰهُ فِى جَسَـدِهٖ اَوْ فِـى مَالِهٖ اَوْ فِى وَلَدِهٖ ثُمَّ صَبَّرَهٗ عَلٰى ذَالِكَ حَتّٰى يُبَلِّغَهٗ الْمَنْزِلَةَ الَّتِىْ سَبَقَتْ لَهٗ مِنَ اللّٰهِ۔ (رواه احمد وابوداؤد)

તરજુમોઃ– હઝરત મુહંમદ બિન ખાલિદ સુલમી તેમના વાલિદથી રિવાયત કરે છે અને તેઓ તેમના દાદાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ કોઈ મો'મિન બંદા માટે અલ્લાહ તરફથી એવું ઉચ્ચ સ્થાન નક્કી થઈ જાય છે, જેને તે પોતાના અમલથી મેળવી શકતો નથી. તો અલ્લાહ તઆલા તેને કોઈ બદની અથવા માલી તકલીફમાં અથવા અવલાદ તરફથી કોઈ પરેશાની અને દુઃખમાં સંડોવી લે છે. પછી તેને ધીરજની તોફીક આપે છે. અને (તે તકલીફો અને મુસીબતો

પર ધીરજ રાખવાના કારણે) એટલા ઉચ્ચ સ્થાન પર પહોંચાડી આપે છે. જે તેના માટે પહેલેથી જ નક્કી હોય છે.

ખુલાસો :– અલ્લાહ તઆલા માલિકુલ્મુલ્ક અને હાકિમોનો હાકિમ છે. તે ઈચ્છે તો વિના કોઈ અમલ અને વિના હકે પણ તેના બંદાને ઉચામાં ઉચું સ્થાન અર્પણ કરી શકે છે. પરંતુ તેની હિકમત અને ઈન્સાફનો ગુણ એ છે કે જે બંદો તેના અમલો અને હાલતોના હિસાબે જે સ્થાનનો હકદાર છે. તેને તે જ સ્થાન પર રાખવો જોઈએ, જેથી અલ્લાહનો એ કાયદો અને વર્તાવ છે કે જે કોઈ બંદાની અદા પસંદ કરીને તેની અથવા તેના બારામાં કોઈ બીજાની દુઆ કબૂલ કરી તેને એવું ઉચ્ચ સ્થાન અર્પણ કરવાનો ફેંસલો કરે છે. જેનો તે પોતાના અમલોના કારણે હકદાર હોતો નથી. તો અમલોના આ નુકસાનને મુસીબતો અને તકલીફો, ત્થા સબર (ધીરજ)ની તોફીકથી પુરૂ કરી આપે છે. (અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)

(۲۹۷) عَنْ جَابِرٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَوَدُّ اَهْلُ الْعَافِيَةِ يَوْمَ الْقِيٰمَةِ حِيْنَ يُعْطٰى اَهْلُ الْبَلَاءِ الثَّوَابَ لَوْ اَنَّ جُلُوْدَهُمْ كَانَتْ قُرِضَتْ فِى الدُّنْيَا بِالْمَقَارِيْضِ۔ (رواه الترمذى)

તરજુમો:– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: કયામતના દિવસે જયારે તે બંદાઓને જેઓ દુનિયામાં મુસીબતોમાં સપડાયલા રહ્યા, તે મુસીબતોના બદલે અજર અને સવાબ આપવામાં આવશે તો તે લોકો જેઓ હમેશાં દુનિયામાં આરામ અને ચેનથી રહ્યા, અફસોસ કરશે કે કાશ દુનિયામાં અમારૂ ચામડું કાતરોથી કાપવામાં આવતે.

(۲۹۸) عَنْ عَامِرِ الرَّامِؓ قَالَ ذَكَرَ رَسُوْلُ اللّٰهِ ﷺ الْاَسْقَامَ فَقَالَ اِنَّ الْمُؤْمِنَ اِذَا اَصَابَهُ السَّقْمُ ثُمَّ عَافَاهُ اللّٰهُ عَزَّوَجَلَّ مِنْهُ كَانَ كَفَّارَةً لِمَا مَضٰى مِنْ ذُنُوْبِهٖ وَمَوْعِظَةً لَهٗ فِيْمَا يَسْتَقْبِلُ وَاِنَّ الْمُنَافِقَ اِذَا مَرِضَ ثُمَّ اُعْفِىَ كَانَ كَالْبَعِيْرِ عَقَلَهٗ اَهْلُهٗ ثُمَّ اَرْسَلُوْهُ فَلَمْ يَدْرِلِمَ عَقَلُوْهُ وَلَمْ اَرْسَلُوْهُ۔(رواه ابوداؤد)

તરજુમો:– હઝરત આમિર રામી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એકવાર બીમારીઓ વિષે કંઈ ફરમાવ્યું:

(એટલે બીમાર)ની હિકમતો અને તેમાં જે ભલાઈ છે, તેનું વર્ણન કરી ફરમાવ્યું કે જયારે મો'મિન બીમારીમાં સપડાઈ છે, પછી અલ્લાહ તઆલા તેને તંદરૂસ્તી અને આરામ આપે છે, તો તે બીમારી પાછલા ગુનાહો માટે કફ્ફારો બની જાય છે. અને ભવિષ્ય માટે નસીહત અને ચેતવણીનું કામ કરે છે. અને (અલ્લાહ તેમજ આખિરતથી બે પરવા) મુનાફિક જયારે બીમાર પડે છે અને પછી સારો થાય છે (તો તેનાથી તે કોઈ બોધપાઠ ગ્રહણ કરી લાભ મેળવતો નથી.) તેનો દાખલો તે ઉંટ માફક છે જેને તેના માલિકે બાંધી દીધું, પછી છોડી દીધું, પરંતુ તેને કોઈ ભાન નથી કે શા માટે બાંધ્યું અને શા માટે છોડી મુકયું. (અબૂ દાઉદ)

ખુલાસો :– રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના બધા જ સુચનોથી ખાસ બોધપાઠ અને સંદેશ એ મળે છે કે બીમારીઓ અને બીજી તકલીફો તેમ દુઃખો (જે આ જગતના જીવન સાથે જરૂરી છે.) માત્ર મુસીબત અને અલ્લાહનો અઝાબ તેમ ગુસ્સો જ ન સમઝવું જોઈએ, અલ્લાહ સાથે ખરો સંબંધ ધરાવતા લોકો માટે તેમાં પણ મહાન ભલાઈ અને રહમતના ખજાના છે. તેની મારફત ગુનાહોની સફાઈ અને સ્વચ્છતા થાય છે. અલ્લાહની ખાસ મહેરબાની અને દરજાઓ બલંદ થવાનો હક પ્રાપ્ત થાય છે. અમલોની કમી કસર પુરી થઈ જાય છે અને તેનાથી નેક બખ્ત લોકોની સુધારણા થાય છે

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના એ શિક્ષણની કેટલી મહાન બરકત છે કે જે લોકો એ હકીકત પર યકીન રાખે છે. તેઓ મોટામાં મોટી બીમારી અને મુસીબતને પણ અલ્લાહની રહમત અને મહેરબાની જ સમઝે છે અલ્લાહ તઆલાએ તેના જે બંદાઓને આ દોલત અર્પણ કરી છે. બસ તેઓ જ જાણે છે કે એ કેટલી મોટી નેઅમત છે. અને એનાથી બીમારી અને મુસીબત સમયે પણ દિલ તેમ આત્માને કેટલી શકિત મળે છે. અને અલ્લાહ તઆલા સાથે મહોબ્બત અને સંબંધમાં કેટલી પ્રગતિ અને વધારો થાય છે.

*હદીસ શરીફની રોશનીમાં*

# મજૂર, ચાકર અને કર્મચારીનો હકો

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈર્શાદ છે :

તમારા ખાદિમો અને ચાકરો તમારા ભાઈ છે, જે માણસના ભાઈને અલ્લાહ તઆલા તેનો તાબા હેઠળ અને મોહતાજ બનાવે એટલે જે માણસ કોઈ ગુલામનો માલિક હોય તો તેણે પોતે જે ખાય તેવું જ એના ચાકર કે નોકરને ખવડાવવું જોઈએ, અને જે પોતે પહેરે તે જ તેને પણ પહેરાવવું જોઈએ, તેનાથી કોઈ એવું કામ ન લેવામાં આવે જે તે તેની શકિત બહારનું હોય અને જો તેની શકિતથી બહારનું કોઈ કામ તેનાથી લેવામાં આવે તો તેના કામમાં જાતે પણ તેની મદદ કરે. (બુખારી શરીફ : ૩૦)

હદીસ શરીફમાં પરસેવો સુકાતા પહેલા તેમને મજૂરી આપવાનો હુકમ પણ આપવામાં આવ્યો છે.

હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : મજૂર અને ચાકર – કર્મચારીને તેનો પરસેવો સુકાતા પહેલાં તેની મજૂરી – મહેનતાણું આપી દો. (ઈબ્ને માજહ : ૨૪૪૩)

જે માણસ મજૂર અને કર્મચારીઓના અધિકારો કે હકો દબાવે છે તેમને કિયામતના દિવસે સજા થશે અને કિયામતના દિવસે અલ્લાહ તઆલા જાતે મજૂર વતી ઝઘડો કરશે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.) કહે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે : અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે ત્રણ માણસો એવા છે જેમની સાથે કિયામતના દિવસે (હું) ઝઘડો કરીશ. એક તો તે માણસ જેણે મારા નામ અને મારી કમસ સાથે કોઈ કરાર કર્યો પછી તેને તોડી નાંખ્યો, બીજો તે માણસ છે જેણે એક આઝાદ માણસ વેચ્યો અને તેનો માલ ખાધો. અને ત્રીજો તે માણસ છે જેણે કોઈ મજૂરને નોકરી પર રાખ્યો અને તેની પાસે કામ કરાવ્યું (એટલે કે જે કામ માટે તેને રાખ્યો હતો તે બધું કામ તેણે કરાવી લીધું) પરંતુ તે માણસને એના હકની મજૂરી – કમાણી ન આપી. (બુખારી શરીફ : ૨૧૧૪)

# ઇબાદત અને બંદગી

## દુન્યા આખિરતની કામ્યાબીનો સબબ - અમુક કિસ્સાઓ

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

હદીસ શરીફની રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે જેવી રીતે ગુનાહો, પરેશાનીઓ અને મુસીબતો વધવાના સબબ છે એ જ પ્રમાણે ઈબાદત અને બંદગી, દુનિયા આખિરતની ભલાઈનો સબબ છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, હે આદમની અવલાદ ! તુ મારી ઈબાદત માટે સમય આપ, હું તારા દિલને માલદારી અને સંતોષથી ભરી દઈશ. તારી ગરીબી ખતમ કરી દઈશ. અને જો તુ આમ નહીં કરે તો હું તને કામોમાં મશ્ગૂલ કરી દઈશ અને તારી ગરીબી દૂર નહીં કરું.

આ અલ્લાહ તઆલાનો વાયદો છે, અને દુનિયાની દરેક વસ્તુ જેના અધિકારમાં છે, એવી સર્વશકિતમાન હસ્તીનું કથન છે. આવા અર્થ – મતલબ વર્ણવતી બીજી રિવાયતો પણ છે, જેમાં દુનિયાની કામ્યાબીનો આધાર પણ અલ્લાહની ઈબાદતને જ બતાવવામાં આવ્યો છે.

આમ છતાં આપણે દુનિયા કમાવા માટે સૌપ્રથમ ઈબાદતના સમયને જ સાફ કરી દઈએ છીએ. આમ અલ્લાહ તઆલાની નાફરમાનીમાં જ આપણને પ્રગતિ દેખાતી હોય તો આપણી પરેશાનીઓ વધવાની જ છે. દીનથી ગાફેલ થઈને મુસલમાન એની રોટીનો પ્રશ્ન હલ કરવા ઈચ્છે તો કેવી રીતે બને ? રોટી આપનાર જ એમ કહે છે કે હું ગરીબીને પણ દૂર નહીં કરું અને દિલના ગમ – બોજથી હલકો પણ નહીં કરું. સહીહ હદીસમાં અલ્લાહ તઆલાનું આ ફરમાન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઢે વર્ણવવામાં આવ્યું છે કે જો મારા બંદાઓ સંપૂર્ણ પણે મારી ઈબાદત કરતા થઈ જાય તો રાત્રે સુતી વેળા એમના

ઉપર વરસાદ વરસાવું અને દિવસે સુર્ય ઉગેલો રહે, જેથી કારોબારમાં કોઈ અવરોધ ન ઉભો થાય. અને વીજળીની અવાજ પણ એમના કાનોમાં ન પડે, કે એનાથી એમને ડર – ખોફ અનુભવવો પડે. (જામેઉસ્સગીર)

આજે આપણા આમાલનું પરિણામ છે કે દિવસ – રાતની આ વ્યવસ્થા તો ખતમ થઈ જ ગઈ છે, બલકે અનેક પ્રદેશોમાં વરસાદ ઓછો પડવાની કે દુકાળની શિકાયતો આવતી જ રહે છે. અને જયાં વરસાદ થાય છે ત્યાં અતિ વૃષ્ટિ અને પૂરની મુસીબત હોય છે.

ઈહયાઉલ ઉલૂમમાં લખ્યું છે કે હઝરત મૂસા અલૈ.ના ઝમાનામાં એક વાર ઘણો સખત દુકાળ પડયો. હઝરત મૂસા અલૈ. બની ઈસરાઈલને લઈને ત્રણ દિવસ સુધી રોજ 'ઈસ્તેસ્કા' (વરસાદની દુઆ માટે)ની વિશેષ નમાઝ પઢવા માટે શહેરથી બહાર આવ્યા, પણ વરસાદ પડયો નહીં. ત્રીજા દિવસે અલ્લાહ તઆલાની વહી આવી કે તમારા સમુહમાં એક ચુગલ ખોર માણસ છે, જેના કારણે તમારી દુઆ કુબૂલ નથી થતી. હઝરત મૂસા અલૈ.એ અરજ કરી કોણ છે એની ચોખવટ થઈ જાય તો એને લોકોમાંથી બહાર કાઢી મૂકીએ. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હું તમને પોતે ચુગલીથી મનાઈ કરું છું અને પોતે આ જ કામ કરું ? માટે એ કોણ છે એ બતાવીશ નહીં. પછી હઝરત મૂસા અલૈ.એ લોકોને સંબોધીને તોબા અને ઈસ્તેગ્ફાર કરવાની તાકીદ કરી અને વિશેષ કરીને ચુગલખોરીના ગુનાથી તોબા કરાવી, તો તુરંત વરસાદ શરૂ થઈ ગયો.

હઝરત સુફયાન ષોરી રહ. ફરમાવે છે કે એકવાર બની ઈસરાઈલમાં સાત વરસ સુધી લગાતાર એવો સખત દુકાળ પડયો કે લોકો મરેલા જાનવરોના ઢગલામાંથી મૃત જાનવરો ખાતા હતા અને મરેલા માણસો ખાવાની નોબત આવી ગઈ. લોકો પરેશાન થઈને રોજ જંગલોમાં અને પહાડો ઉપર દુઆઓ કરવા જતા હતા. અલ્લાહ તઆલાએ એ ઝમાનાના નબીઓ ઉપર વહી મોકલી કે દુઆઓ કરીને તમારી ઝબાન ચાહે કેટલીયે સુકી થઈ જાય અને આસમાન સુધી તમારા હાથ લાંબા થઈ જાય, હું કોઈ પણ રડનાર માણસ ઉપર ત્યાં સુધી રહમ નહીં કરું, જયાં સુધી પરસ્પરના

અત્યાચારો બંધ નહીં કરો. હદીસ અને ઈતિહાસના પુસ્તકોમાં આવા અનેક કિસ્સાઓ છે.

સેંકડો રિવાયતો એવી છે જેમાં સ્પષ્ટ રૂપે નેક આમાલ ઉપર દુનિયા આખિરતની કામ્યાબી અને બુરા આમાલના નુકસાનો વિસ્તારથી બતાવવામાં આવ્યા છે. આવી બધી રિવાયતો ભેગી કરવી મારા બસની વાત નથી અને એ મારો આશય પણ નથી. આ અમુક ઉદાહરણો દર્શાવવાથી મારો મકસદ આ છે કે મુસલમાનોના મતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વાતો સાચી છે તો પછી આપણે પોતાના ઉપર કેટલો બધો અત્યાચાર – ઝુલમ કરીએ છીએ કે પોતે જ બરબાદી વાળા કામો કરીએ છીએ. નુકસાન કરે એવા કામો કરીએ છીએ અને પછી મોઢેથી મુસલમાનોની બરબાદીના ગીતો ગાતા રહીએ છીએ. આપણે પેલા બીમાર જેવા બની ગયા છે જે જેને ઝાડા – ઉલટી થતા હોય અને તે ઈલાજમાં ઝાડા ઉલટી થવાની જ દવા ખાતો હોય, અને પાછો શિકાયત કરે કે ઝાડા બંધ નથી થતા. આવા બેવકૂફને કહેવું જોઈએ કે તુ પોતે ઝાડા થવાની દવા ખાય રહયો છે તો પછી ઝાડા બંધ થાય કે વધારે થાય ? આપણે લગાતાર અંગ્રેજોના અત્યાચારોના રોદણા રડીએ છીએ, અને આવનાર નવી સરકારોના વધુ અત્યાચારોનો અત્યારથી ડર છે, પરંતુ શું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ બધા વિશે આપણને ચેતવ્યા નથી ? શું સત્તાના અસબાબ અને આમાલ સ્પષ્ટ રૂપે દર્શાવી નથી દીધા ? શું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાલીમ અને ચેતવણીઓમાં કંઈ કમી છે ? હરગિઝ નહીં. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : તમે જેવા હશો એવા જ તમારા ઉપર હાકેમો નાખવામાં આવશે. (મિશ્કાત) માટે જો આપણે આપણા ઉપર સારા માણસોની સત્તા – સરકાર ઈચ્છીએ છીએ તો એનો એક સુંદર ઈલાજ, નેક આમાલ સિવાય બીજો કોઈ નથી.

હદીસ શરીફમાં છે કે બાદશાહો – હાકેમોના દિલ અલ્લાહ તઆલાના હાથમાં હોય છે.

હઝરત અબુ દરદાઅ રદિ.ની હદીસ છે : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : અલ્લાહ તઆલા ફરમાવે છે : હું અલ્લાહ છું. મારા સિવાય કોઈ માબૂદ નથી. બાદશાહોનો માલિક છું અને રાજાઓનો રાજા છું. બાદશાહોના દિલ મારા હાથમાં છે. જયારે બંદાઓ મારી ફરમાબરદારી કરે છે તો બાદશાહોના દિલ એમના પ્રતિ રહમત અને નરમી કરતા બનાવી દઉ છું. અને જયારે મારી નાફરમાની કરે છે તો બાદશાહોના દિલમાં એમના પ્રતિ ગુસ્સો અને બદલો ભરી દઉ છું, જેથી તેઓ લોકોને ખુબ તકલીફો આપે છે. માટે તમે બાદશાહોને બદદુઆ કરવાના બદલે મારી યાદ અને ઈબાદતમાં લાગી જાઓ. મારી સામે આજિઝી કરો (રડીને દુઆ કરો) જેથી હું એમની તકલીફોથી તમને બચાવી રાખું. (મિશ્કાત)

માલિક બિન મગોલ રહ. કહે છે કે મેં હઝરત દાવૂદ અલૈ.ની ઝબૂરમાં પણ આવી જ વાત વાંચી છે.

આ જ મતલબની વાતો બીજી હદીસોમાં પણ આવી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની એક દુઆ છે :

اللهم لا تسلط علينا بذنوبنا من لا يرحمنا

હે અલ્લાહ ! અમારા ઉપર અમારા ગુનાહોના કારણે એવા લોકોને હાકેમ ન બનાવજે જે અમારા ઉપર રહમ ન કરે.

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

وكذلك نولى بعض الظالمين بعضا بما كانو يكسبون

અમે અમુક ઝાલિમો ઉપર એમના આમાલના કારણે બીજા ઝાલિમોને હાકેમ બનાવી દઈએ છીએ. (સુ. અન્આમ)

આ આયતની તફસીરમાં વિવિધ કથનો છે, જલાલૈનના લેખકે ઉપર મુજબ જ મતલબ વર્ણવ્યો છે. હઝરત કતાદહ રહ. વર્ણવે છે કે ઝાલિમ જિન્નાતોને ઝાલિમ ઈન્સાનો ઉપર લગાવી દેવામાં આવે છે. અને અઅમશ ફરમાવે છે કે જયારે લોકોના આમાલ ખરાબ થઈ જાય છે તો બદતરીન લોકોને એમના હાકેમ બનાવી દેવામાં આવે છે. ●●●●●●

# મય્યિતના ગુસલ - કફનની ઇસ્લામી રીતની હિકમતો

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પુત્રી હઝરત ઝયનબ રદિ.ની વફાત થઈ અને ઓરતો એમને નવડાવવા માટે ભેગી થઈ તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ફરમાવ્યું કે, તમે એકી સંખ્યામાં મય્યિતને ગુસલ આપો, ત્રણ, પાંચ કે સાત વાર. બોરડીના પાના નાખીને ગરમ કરવામાં આવેલ પાણી વાપરો. છેલ્લી વારમાં કાફૂરની ખુશ્બૂ પણ લગાવો. અને મય્યિતની જમણી તરફથી વુઝૂના અવયવોને પ્રાથમિકતા આપીને ગુસલ આપો. (મિશ્કાત શરીફ)

આ હદીસના અનુસંધાને હઝરત શાહ વલીયુલ્લાહ રહ.એ સાત મસ્અલાઓ અને એની હિકમતો વર્ણવી છે.

(૧) મય્યિતને નવડાવવાની હિકમત – જરૂરત અને રીત.

અલ્લાહનો જે બંદોની દુનિયાથી રુખસત થઈને આખિરતને સફરે નીકળે છે, શરીઅતે એને સન્માન સાથે રુખસત કરવાનો હુકમ આપ્યો છે. મય્યિતના સન્માન અને ઈકરામનો સૌથી બેહતર તરીકો આ જ છે કે એને નવડાવીને, પાક – સાફ કરીને, સારા કે નવા કપડાં પહેરાવીને રુખસદ કરવામાં આવે.

મય્યિતને નવડાવવાની રીત, જીવતા લોકોના નહાવાની રીત મુજબ જ છે. ગુસલની જે બાબતો ફરજ કે સુન્નત કે મુસ્તહબ છે એ બધી મય્યિત માટે પણ એ મુજબ જ છે. એમાં કોઈ નવો હુકમ કે નવી રીત નથી. અને આમ એટલા માટે છે કે મરનાર પણ એના જીવનમાં આ રીતે જ નહાતો હતો અને જીવતા લોકો પણ આ રીતે જ નહાય છે, તો મય્યિતના ગુસલમાં જીવંત લોકોની રીત જ બુનિયાદ છે.

(૨) બોરડીના પાન નાખીને પાણી ગરમ કરવા અને ત્રણ વારથી વધારે ધોવાનો ફાયદો આ છે કે, ઘણીવાર બીમારીના કારણે મય્યિતનું શરીર ચીકણું થઈ ગયું હોય છે, બદબૂ આવતી હોય છે. માટે ત્રણવાર ધોવાને પુરતું

સમજવામાં ન આવે, જરૂરત હોય તો વધારે વાર ધોવામાં આવે. બોરડીના પાંદડા નાખીને ગરમ કરવામાં આવેલ પાણી શરીરના મેલને ઘણી સારી રીતે સાફ કરી નાખે છે. જીવતા લોકો જે મકસદે સાબૂ વાપરે છે, બોરડીના પાંદડા વાળું એક ગરજ સારે છે, એટલે જ કદી બોરડીના પાંદડા ન હોય તો સાબૂ પણ વાપરી શકાય છે.

(૩) છેલ્લીવાર કાફૂર મેળવેલું પાણી વાપરવાના ચાર ફાયદાઓ છે, એક :) એનાથી શરીર વધારે સમય સચવાયેલું રહે છે. કાફૂરની ખાસિયત છે કે એના લગાવવાથી કોઈ પણ વસ્તુ વહેલી ખરાબ નથી થતી. બે :) કાફૂર લગાવવાથી કબરમાં જીવજંતુ કે જનાવર પાસે આવતા નથી. એટલે જ તો લોકો ઘરે કપડાં કે પુસ્તકોમાં કાફૂરની ગોળીઓ મુકે છે. ૩ :) કાફૂર સસ્તુ વસ્તુ છે. આમ ઓછો ખર્ચે ખુશબુની વ્યવસ્થા થઈ શકે છે. ૪ :) કાફૂરની ખુશબૂ તેઝ હોય છે. એના કારણે નવડાવવા પછી પણ શરીરની બદબૂ રહી ગઈ હોય તો દબાય જશે.

(૪) જમણી તરફથી ગુસલ શરૂ કરવાનો હુકમ એટલા માટે છે કે મૃત વ્યકિતનું ગુસલ પણ જીવંત વ્યકિતની જેમ રહે. જીવતા વ્યકિતના નહાવામાં મુસ્તહબ આ જ છે કે જમણી તરફથી શરૂ કરવામાં આવે. એટલે મય્યિતના ગુસલમાં પણ આ બાબતનું ધ્યાન રાખવામાં આવશે. ઉપરાંત આમ કરવામાં જમણી તરફના અવયવોનો એહતેરામ પણ છે.

(૫) શહીદનો હુકમ આ છે કે એને ગુસલ આપવામાં આવશે નહીં. કફન પણ પહેરાવવામાં નહીં આવે. બલકે જે કપડાંઓમાં એ શહીદ થયો છે એ જ કપડાંઓમાં ખૂન – ઝખમ સાથે જનાઝહની નમાઝ પઢીને એને દફન કરી દેવામાં આવે. હા, એના શરીર ઉપર જે વસ્તુઓ કફન સિવાયની હોય, (હથિયાર, બખ્તર, કોટ, મોજા વગેરે) એ બધું કાઢી લેવામાં આવે, અને કફન માટે ખુટતાં કપડાંની ચાદર વધારી દેવામાં આવે. શહીદ માટે આવા હુકમ પાછળ ત્રણ ફાયદાઓ છે : ૧ :) આવી જ સ્થિતિમાં દફનાવી દેવાથી શહાદતની મહાનતા અને શાન પ્રગટ થાય છે. લોકોને દેખાશે કે અલ્લાહની રાહમાં માર્યા જવું એવું મહાન કાર્ય છે કે એના કારણે સામાન્ય મૃત્યુથી

વિપરિત શહીદને એવોને એવો જ લોહી લુહાણ હાલતમાં અલ્લાહ તઆલા પાસે મોકલવામાં આવે છે. ૨ :) આમ જ દફનાવવામાં શહાદતની મોતનો મંજર લોકોના દિમાગમાં બાકી રહેશે. શહીદ એમ તો કફનની કોઈ એક ચાદરમાં લપેટાયેલ હશે, અને એના ઝખમ વગેરે લોકોને દેખાતા ન હશે, પણ લોકો જાણે છે કે આ શહીદ છે અને એને ગુસલ નથી આપવામાં આવ્યું એટલે શહાદતની મોતની એક સ્નમાનભરી કલ્પના એમના દિમાગમાં રહેશે. ૩ :) મર્યા પછી દરેક મય્યિત સાથે એની રૂહનો સંબંધ એક પ્રકારે બાકી રહે છે, જે આપણને દેખાતો કે સમજાતો નથી. શહીદ વિશે તો કુરઆનમાં છે કે તેઓ મર્યા પછી પણ જીવતા જ રહે છે, એટલે આવી જ સ્થિતિમાં દફન કરવાથી એમને પોતાને પણ પોતાની સ્થિતિ યાદ રહેશે અને કયામત સુધી તેઓ આમ રહેશે અને આવી જ હાલતમાં અલ્લાહ તઆલા સમક્ષ રજૂ થશે તો અલ્લાહ તઆલાને એમના પ્રત્યે વધારે રહમ આવશે. હદીસ શરીફમાં છે : કયામતના દિવસે શહીદોના ઝખમમાંથી લોહી વહેતું હશે, એનો રંગ તો લોહી જેવો હશે પણ બદબૂ નહીં હોય, બલકે મુશ્કની ખુશ્બૂ એમાંથી મહેકતી હશે.

(૬) જે માણસનો એહરામની હાલતમાં ઈન્તેકાલ થઈ જાય એને પણ શહીદની જેમ દફનાવવામાં આવશે. સહીહ હદીસમાં છે કે, તમે એને એના બે કપડાંઓનું કફન રાખો. એને ખુશ્બૂ ન લગાવો, એનું માથું ઢાંકો નહીં, બેશક એ માણસ કયામતના દિવસે તલબિયહ પઢતો પઢતો ઉઠાવવામાં આવશે. (મિશ્કાત શરીફ : ૧૬૩૭) આ હદીસ ઉપર અમલ કરવો જોઈએ. બીજી એક હદીસથી પણ આ બાબતને સમર્થન મળે છે. હઝરત અબૂ સઈદ ખુદરી રદિ.ની વફાતનો સમય આવ્યો તો આપ રદિ.એ નવા કપડાં મંગાવીને પહેર્યાં, અને ફરમાવ્યું : મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઢે સાંભળ્યું છે કે જે કપડામાં માણસનું મૃત્યું થયું હોય એ મુજબ જ એને કયામતમાં ઉઠાવવામાં આવશે. (મિશ્કાત : ૧૬૪૦) આ હદીસ મુજબ પણ એહરામ વાળી વ્યકિતને એહરામના કપડાંમાં જ દફન કરવી જોઈએ.

નોટ : આ મસ્અલો ઈમામ શાફેઈ અને ઈમામ અહમદ રહ.ના મસ્લક મુજબ છે. શાહ વલીયુલ્લાહ રહ. પણ આ બાબતે એમના મસ્લકને અનુસરે

છે. એમના કહેવાનો ખુલાસો આ છે કે આ માણસનો એહરામ બાકી રહે છે, મૃત્યુથી એહરામ ખતમ નથી થતો. ઈમામ અબૂ હનીફહ રહ. અને ઈમામ માલિક રહ.ના મતે મૃત્યુના કારણે એહરામ ખતમ થઈ જાય છે, માટે આવા બીજી મય્યિતની જેમ આ માણસને પણ નવડાવવા અને કફનાવવામાં આવશે. મુળ આ ઘટના હજ્જતુલ વિદાઅમાં ઘટી હતી. એક સહાબી ઊંટ ઉપર પડી ગયા, એમની ગરદન તૂટી ગઈ અને વફાત થઈ ગઈ, સફરની હાલતમાં કફનના અન્ય કપડાં ન હતાં, એટલે એ જ એહરામના બે કપડાંઓમાં એમને દફન કરવાનો હુકમ કરવામાં આવ્યો. એટલે જ આ હદીસમાં શરૂમાં એમને બોરડીના પાંદડા વાળા પાણીની ગુસલ આપવાનો હુકમ છે. એહરામ બાકી રહેતો હોય તો બોરડીવાળા પાણીની ગુસલ દુરસ્ત ન હોય. જેમ સાબૂથી ગુસલ દુરુસ્ત નથી. મુઅત્તામાં છે કે હઝરત ઈબ્ને ઉમર રદિ.ના પુત્ર વાકિદ રહ.નો એહરામની હાલતમાં ઈન્તેકાલ થઈ ગયો તો આપ રદિ.એ એમને સામાન્ય મય્યિતની જેમ કફન આપ્યું અને ચહેરો પણ ઢાંકી દીધો. પછી ફરમાવ્યું : જો આપણે બધા એહરામની હાલતમાં ન હોત તો મય્યિતને ખુશ્બૂ પણ લગાવત.

(૭) જેમ મય્યિતને ગુસલ આપવામાં જીવંત લોકોના ગુસલની રીતને આધાર બનાવવામાં આવી છે, એ જ પ્રમાણે કફન બાબતે પણ એક એવા જીવંત માણસના પહેરવેશને સામે રાખવામાં આવ્યો છે, જે કપડાં ઓઢીને સૂતો હોય. બે કપડાં પહેરીને એક ચાદર ઓઢીને માણસ સૂતો હોય છે. આમ મય્યિતનું કફન પણ ત્રણ કપડાંનું હોય છે. ઓરતના કફનમાં અમુક કપડાં વધારે હોય છે, કારણ કે ઓરત પરદા ખાતર અમુક કપડાં વધારે પહેરતી હોય છે. એટલે ઓરતના કફનમાં પાંચ કપડાં હોય છે. અમુક સંજોગોમાં જયારે કફનના પુરતાં કપડાં ન મળે તો એક એવું કપડું કાફી છે જેમાં મય્યિતનું આખું શરીર છુપાય શકે. અને એટલું કાપડ પણ ન હોય તો જેટલું કાપડ મળે એમાં જ કફન આપી દેવામાં આવે. *(રહમતુલ્લાહિલ વાસિઅહ : ૩/૬૬૬–૬૬૯)*

# ● તકદીરની હકીકત ●

અલ્લાહ તઆલાની હસ્તી દરેક રીતે પરિપૂર્ણ છે. એના સઘળા ગુણો પણ પરિપૂર્ણ અને ઉચ્ચ છે. રહમ, કરમ, સખાવત, ઈલ્મ, કુદરત, કલામ.. વગેરે સઘળા ગુણો પૂર્ણ છે. આ બધા ગુણોનો એક અદના અંશ અલ્લાહ તઆલાએ માનવીને આપ્યો છે, જેનાથી માનવીમાં જ્ઞાન, કુદરત, રહમ, કરમ જેવા ગુણો જોવા મળે છે, અને આ આધારે જ તો માનવી દુનિયામાં અલ્લાહ તઆલાની ખલીફા અથવા પ્રતિનિધિ ગણાય છે.

આ આધારે સમજવાનું છે કે કોઈ ગમે તેટલો મોટો જ્ઞાની હોય, પણ અલ્લાહ તઆલાના જ્ઞાન સામે એ અજ્ઞાની છે, બલકે એને મળેલું જ્ઞાન પણ અલ્લાહ તઆલાએ આપેલું હોય છે એટલે આવો જ્ઞાની અલ્લાહ તઆલા સમક્ષ તો તુચ્છ જ ગણાય, કારણ કે એ બધું જ્ઞાન માનવીની પોતાની તો કોઈ ખૂબી છે જ નહીં.

આવું જ ઉદાહરણ આપણે કુદરત અને શકિત વિશે સમજીએ. અલ્લાહ તઆલાની કુદરત પરિપૂર્ણ અને સર્વત્ર હોવાનો મતલબ આ છે કે કોઈ વસ્તુ એની કુદરતથી બહાર નથી. કોઈ એવી વસ્તુ નથી જેના ઉપર અલ્લાહ તઆલાનો અધિકાર અને કુદરત ન હોય. કોઈ વસ્તુ વિશે આવો અકીદો રાખવાનો મતલબ એ જ નીકળે કે માણસ અલ્લાહ તઆલાની કુદરત અધૂરી અને અપૂર્ણ ગણે છે, જે ખોટું છે.

પોતાને શકિતાશાળી ગણતા માણસો અને પોતાની શકિત વડે મોટા મોટા કામો કરવાના દાવા કરનાર માણસોના કામો પણ વાસ્તવિક રીતે અલ્લાહ તઆલાની કુદરતનો જ કરિશ્મો હોય છે. બલકે આવા માણસો પોતાના અંદર જે કંઈ શકિત અને કુદરત અનુભવે છે એ શકિત અને કુદરત પણ એમને અલ્લાહ તઆલાએ આપી છે, અને અલ્લાહ તઆલાની આપેલ શકિત વડે પણ જે કામો તેઓ કરે છે, કરવા ચાહે છે એ બધું છેલ્લે સુધી પણ અલ્લાહ તઆલાની કુદરતને આધીન જ રહે છે.

અહિંયા પ્રશ્ન ઉદભવે છે કે માનવીની કુદરત તેમજ શકિત અને એના વડે કરવામાં આવતા કામો, બધું જ છેવટ સુધી અલ્લાહ તઆલાની કુદરત મુજબ જ થાય છે તો પછી માનવી એમાં મજબૂર અને અશકત છે, એના અધિકારમાં

તો કંઈ છે જ નહીં, અને જો આમ જ છે તો પછી સારા – નરસા કામો બાબતે માનવીની પૂછપરછ અને સવાબ – અઝાબનો નિયમ પણ ખોટો છે. કારણ કે સારા કે નરસા બધા કામો અલ્લાહ તઆલાની કુદરત મુજબ જ માનવી મારફત થયા છે, એમાં માનવીનો તો કોઈ વાંક જ નથી !

આ પ્રશ્નનો જવાબ આ છે કે માનવી અલ્લાહ તઆલાની એક અજીબ મખ્લૂક છે. બધું અલ્લાહ તઆલાની કુદરત મુજબ થાય છે, છતાં માનવીમાં અલ્લાહ તઆલાએ એવી ઈચ્છાશકિત, એહસાસ અને લાગણી – ભાવના રાખી છે કે માનવી એમ જ સમજે છે કે મારા બધા કામો મારા કરવા અને મારી ઈચ્છા મુજબ થાય છે. એ એનાથી ખુશ થાય છે, ગમગીન થાય છે. પોરસાય છે અને દુભાય પણ છે. બસ આ આધારે જ આખિરતનો સવાબ અને અઝાબ છે. ત્યાં પણ વાસ્તવિકત પરિબળ તો અલ્લાહ તઆલાની કુદરત જ છે, માનવીમાં એવો એહસાસ અને લાગણી – ભાવના અલ્લાહ તઆલા મુકી દેશે કે તે સવાબ અને અઝાબની મજા માણી શકશે.

હઝરત અલી રદિ.ને કોઈએ આ બાબતે પૂછયું તો સમજાવતા ફરમાવ્યું કે, બધું જ અલ્લાહ તઆલાની કુદરતમાં છે, છતાં એમાં માનવીનો કોઈ દખલ કે અખ્તયાર ન હોય એવું નથી. એ માણસને સમજમાં આવ્યું નહીં તો હઝરત અલી રદિ. એ ફરમાવ્યું, તમે ઉભા થઈને એક પગ ઊંચો કરો, એણે એક પગ ઊંચો કર્યો તો ફરમાવ્યું : બીજો પગ પણ ઊંચો કરો, એ માણસે કહયું કે એ તો શકય નથી. હઝરત અલી રદિ.એ એને સમજાવતાં કહયું કે આ માનવી અને અલ્લાહ તઆલાની કુદરતનું ઉદાહરણ છે. માનવીને કંઈક શકિત આપી છે પણ એનો છેડો અલ્લાહ તઆલાએ પોતાના હાથમાં રાખ્યો છે.

બુઝુર્ગો ફરમાવે છે કે તકદીરની આવી બાબતોમાં વધારે ચર્ચા કરવી મુનાસિબ નથી. માણસ અલ્લાહ તઆલાની વ્યવસ્થા મુજબ પોતાના સારા નરસા કામોને પોતાના ગણીને એના સવાબ કે અઝાબને ભોગવવાની અકીદો રાખે. અને જો માણસ એમ સમજતો હોય કે બધું જ અલ્લાહ તઆલાની કુદરત મુજબ થાય છે, મારો કોઈ અધિકાર કે અખ્તયાર એમાં નથી તો સવાબ અને અઝાબમાં પણ પોતાને આવી જ રીતે અશકત માનીને ચુપ રહે, એ પણ અલ્લાહ તઆલાની કુદરત અને અધિકાર મુજબ થશે. એમાં ચું ચાં કે ચર્ચા કરવી ખોટી.....

● ● ●

# ખર્ચ કરવા ન કરવાનો જરૂરી નિયમ

-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-.-

એક વખતે એક જરૂરતમંદ વ્યકિત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હાજર થયો અને પોતાની જરૂરત રજુ કરી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એ વખતે કંઈ જ ન હતું કે જેનાથી એની જરૂરત પુરી કરી શકાય. એટલે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એ વ્યકિતને ફરમાવ્યું કે તમે હઝરત ઉસ્માન રદિ. પાસે જાઓ અને એમનાથી કહેજો તો તેઓ તમારી મદદ કરશે અને જરૂરત પૂરી કરી દેશે.

એ વ્યકિત હઝરત ઉષમાન રદિ. પાસે ગયો, રાતનો સમય હતો, જયારે એ એમના મકાનના દરવાજાની નિકટ પહોંચ્યો તો એણે સાંભળ્યું કે હઝરત ઉષમાન રદિ. પોતે જ પોતાની બીવીને કોઈ વાત પર ચેતવણી સ્વરૂપ કંઈ ફરમાવી રહ્યા હતા, એટલે એ બહાર જ ઉભો રહી ગયો, એણે સાંભળ્યું કે હઝરત ઉષમાન રદિ. પોતાની બીવીને તાકીદ ફરમાવી રહ્યા હતા કે તમે દીવાની દિવેટ જરા ઉંચી કરી રાખી છે, એના લીધે દીવાનું તેલ વધારે વપરાઈ રહ્યું છે એને ધીમી કરો. હઝરત ઉષમાન રદિ. પોતાની બીવીને આ વાત પર ધમકાવી રહ્યા હતા અને એ બીવી એટલે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વહાલી દીકરી, એ વ્યકિતએ જયારે આવું સાંભળ્યું તો એને વિચાર આવ્યો કે માણસ તો પોતાની બીવી માટે તો બધું જ કુર્બાન કરી દીએ છે અને અહીં તો આ દીવાની બત્તી જરાક ઉંચી છે એવા નજીવા કારણે પોતાની પત્નિને ધમકાવી રહ્યા છે. ચેતવી રહ્યા છે અને બીવી પણ કોણ ? હઝરત નબીએ કરીમ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લાડલી દિકરી, આવી વ્યકિત મારી જરૂરતને શું પુરી કરશે ? એટલે તે ભાઈ, પોતાની જરૂરત હઝરત ઉસ્માન રદિ.ને જણાવ્યા વગર ત્યાંથી જ બારોબાર પાછા ફરી ગયા.

પછી કોઈવાર નબીએ કરીમ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની

જયારે એમની સાથે ફરી મુલાકાત થઈ, તો હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું :

ભાઈ ! શું થયું ? તમારી જરૂરત પુરી થઈ ગઈ ?

એ ચુપ રહ્યો.

ફરી હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું :

શું વાત છે ?

ત્યારે એણે જણાવ્યું કે હું હઝરત ઉષમાન રદિ. પાસે ગયો તો હતો, પરંતુ એમની સામે પોતાની વાત મુકી ન હતી.

આપ સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પુછયું શા માટે ?

તો એણે કારણ ઉપર મુજબની ઘટના દર્શાવી દીધી.

હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ફરમાવ્યું એવું કંઈ જ નથી, તમે જાઓ અને પોતાની જરૂરત એમને કહો હવે જયારે હુઝૂર સસ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ભાર દઈને ફરમાવ્યું તો એ ફરી ત્યાં ગયો, અને પોતાની આવશ્યકતા જણાવી તો હઝરત ઉષમાન રદિ. તરત જ ઘણાં વિશાળ હૃદયે એને ઘણું બધુ આપી દીધું. જયારે તેઓ આપી ચુકયા તો એ વ્યકિતએ અરજ કરી :

હઝરત ! હું તો આ પહેલાં પણ આપની સેવામાં આવ્યો હતો. પરંતુ આવો પ્રસંગ બન્યો, એટલે હું પાછો વળી ગયો હતો, ત્યારે હઝરત ઉસ્માન રદિ.એ ફરમાવ્યું ભાઈ ! તમે કંઈ જ સમજયા જ નથી ! અમને જયાં ખર્ચ કરવાનું કહેવામાં આવ્યું છે ત્યાં અમે બધુ જ ખર્ચ કરી દઈશું, અને જયાં ખર્ચ ન કરવાની તાકીદ કરવામાં આવી છે, ત્યાં અર્ધી પાઈ પણ વેડફવા માટે અમે તૈયાર નથી.

હઝરત ઉષમાન રદિ. પાસે ધન– સંપત્તિની અછત ન હતી ? આનો મતલબ એ કે જો માલ– મિલ્કત પાસે છે, લાખો રૂપિયા મવજુદ છે, એનો માલિક છે, પરંતુ એનો એ મતલબ નથી જ કે એને વેડફી નાંખવામાં આવે.

---

# નવજુવાન છોકરા અને છોકરીઓ ઉપર નજર રાખવી જરૂરી છે

*હઝ. મૌલાના અસરારુલ હક સાહબ કાસમી રહ.*

સમાજ જે ગતિથી બદલાઈ રહ્યો છે, તેણે ઈસ્લામી સમાજને ઘણા બધી સમસ્યાઓથી પરેશાન કરી નાખ્યો છે. મુસ્લિમ સમુદાયમાં દરરોજ એવી વસ્તુઓ દાખલ થઈ રહી છે જે ઈસ્લામી જીવનપદ્ધતિ સાથે સુસંગત નથી. વિશેષ કરીને પરિશ્ચી રહેણીકરણીની ચમક દમક હવે મુસલમાન યુવકો અને યુવતીઓને પણ આકર્ષિત કરવા લાગી છે. મુસલમાનોની નવી પેઢીના પોતાના અંદાજ અને પહેરવેશથી એમ લાગે છે કે જાણે નવી રહેણી કરણી એમના ઉપર હાવી થતી જાય છે. નવી પેઢીનું આ રીતે મગરીબી વિચારોથી આકર્ષિત થવું અને પોતાની ઈસ્લામિક સંસ્કૃતિને છોડીને ગૈર કોમના પહેરવેશ અને એમની ચાલ ચલગતને સ્વીકારવી મુસ્લિમ સમુદાયના ભવિષ્ય માટે ઘણું જ ખતરનાક છે.

મુસલમાનોની આ નવી પેઢી ઈસ્લામી તાલીમથી અભણ રહેવાના કારણે એવા પશ્ચિમી વિચારો પ્રતિ આકર્ષિત થતી જાય છે, જે ઈસ્લામ વિરુદ્ધ છે અને ઈસ્લામમાં એના માટે કોઈ જગ્યા નથી. નવી પેઢીનું આ રીતે ઈસ્લામ વિરુદ્ધ પરંપરા – વિચારોથી નજીક થવાના ઘણા કારણો છે. જેમાંથી એક કારણ એ છે કે લોકો ઈસ્લામી દષ્ટિકોણ અને જીવનપદ્ધતિને મહદંશે પોતાની નરી આંખોથી અમલી સ્વરૂપે નથી જોઈ રહ્યા. છોકરાઓ સવારમાં ટેલિવિઝન ચાલુ કરે છે ત્યારે તેના ઉપર એવા માહોલને નરી આંખોથી જુએ છે કે જેમાં ઈસ્લામિક વિચારધારાનો કોઈ અંશ નથી હોતો. જયારે બાળકો સ્કૂલે જાય છે તો ત્યાં પણ એવો જ માહોલ જુએ છે. જેમાં ઈસ્લામિક જિંદગી નામની પણ નથી હોતી. બલ્કે એવા માહોલમાં પૂર્ણ પશ્ચિમી અને નગ્નતાનો નજારો જોવા મળે છે, અંતે સંતાનોમાં ધીરે ધીરે તેવો જ અસર દેખાવા લાગે છે. મુસલમાનો પાસે તાલીમની જરૂરી માત્રામાં શૈક્ષણિક સંસ્થાઓ ન હોવાથી હવે મુસ્લિમ માતા – પિતાઓ પોતાના સંતાનો ને એવી સ્કૂલોમાં મોકલવા માટે તૈયાર થઈ જાય છે કે જેના ઊપર ઈસાઈ મિશનરી અથવા બીજા અકીદા રાખતા લોકોનું પ્રભુત્વ હોય છે. તે સ્કૂલોમાં ધર્મ, અખ્લાક અને રૂહાનીયતનો દૂર દૂર સુધી

કોઈ સંબંધ નથી હોતો. હા, નગ્નતાવાળા માહોલને પ્રાથમિકતા આપવાવાળી ઘણી બધી વસ્તુઓ ત્યાં જરૂર થાય છે. ત્યાં છોકરાઓ અને છોકરીઓને ભેગું શિક્ષણ આપવામાં આવે છે. જેના કારણે અજનબી છોકરાઓ અને છોકરીઓ એકબીજા સાથે આઝાદીની સાથે વાતો કરે છે, ત્યાં સુધી કે વાત આગળ પણ વધી જાય છે. આવી સ્કૂલો કોલેજો અને યુનિવર્સિટીઓમાં જયાં મુસ્લિમ છોકરાઓ અને છોકરીઓ બંને સાથે હોય છે ત્યાં તેઓ પણ એનાથી આકર્ષિત થયા વગર નથી રહી શકતા. અને જેમ મુસ્લિમ છોકરાઓ અને છોકરીઓ પ્રેમ પાંગળે છે તે જ રીતે મુસ્લિમ છોકરીઓ અને ગેર મુસ્લિમ છોકરાઓના દરમિયાન પણ દોસ્તીના બીજ પાંગરવા લાગે છે, જે આગળ જઈ ખતરનાક રસ્તો ધારણ કરી લે છે અને ક્યારેક ક્યારેક કોર્ટ મેરેજ સુધી વાત પહોંચી જાય છે. મુસ્લિમ છોકરીઓ અને ગેર મુસ્લિમ છોકરાઓના દરમિયાન કોર્ટ મેરેજના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ચિંતાની બાબત એ છે કે તે મુસ્લિમ છોકરીઓ જેમણે ગેર મુસ્લિમ છોકરાઓ સાથે શાદી કરી એમાં શિક્ષિત છોકરીઓની સંખ્યા વધારે છે. એવી પણ ખબરો મળી રહી છે કે મુસ્લિમ છોકરીઓ ગેર મુસ્લિમ છોકરાઓ સાથે હરવા ફરવા માટે સિનેમા હોલ, જયુસ સેન્ટરલ આઈસક્રીમ પાર્લરમાં પણ ખુશી ખુશી જતી દેખાઈ રહી છે.

અહીંયા એ સવાલ ઘણો જ કિંમતી છે કે કેવી રીતે મુસ્લિમ છોકરીઓને ગેર મુસ્લિમ નવ જવાનો સાથે શાદી કરવાથી રોકવામાં આવે ?

આ બાબતે માતા–પિતા સૌથી વધારે મહત્વનો ભાગ ભજવી શકે છે. દરેક મુસ્લિમ માતા–પિતાને જોઈએ કે તેઓ પહેલેથી જ પોતાના સંતાનો ઉપર નજર રાખે, જયારે સંતાનો નાના હોય તો એમના માટે દીની માહોલ અને દીની તાલીમની વ્યવસ્થા કરે. પહેલા જ મોકા માં કુરાન શરીફ પોતાના સંતાનોને પઢાવે અને તેમને દીની અને અખલાકી તાલીમ અપાવે અને સાથે જ પોતાના ઘરના માહોલને ચોખ્ખો રાખે. સવારે જલ્દીથી પોતે પણ ઊઠી જાય અને સંતાનોને પણ ઉઠાડે અને પછી ફજરની નમાજ પોતે પણ પઢે અને સંતાનોને પણ પઢાવે. નમાજ પછી કુરાન શરીફની તિલાવત જરૂર કરે. સૌ પ્રથમ અલ્લાહની ઈબાદત કરવા અને એના કલામની તિલાવત કર્યા પછી દિલ અને જીવને શાંતિ તો મળે જ છે ત્યાં ઘરમાં બરકત અને રહમતના દરવાજા

પણ ખુલી જાય છે. અને તે જ રીતે સંતાનો ઉપર તેનો ઘણો જ અસર પડે છે માતા પિતાને નમાજ પઢતા જોઈ અને તિલાવત કરતાં જોઈ કુદરતી રીતે આ બધું કરવાની ઉમંગો તેમના દિલમાં પેદા થાય છે.

ઘરના માહોલને પાક બનાવવા માટે આ વાત પણ ધ્યાને રાખવાની છે કે ઘરમાં કોઈ એવી વસ્તુ ન હોય જે સંતાનો અથવા નવજવાનોમાં ગલત ગંદા વિચારોને ઉત્તેજન આપનાર હોય, માટે ધ્યાન દેવામાં આવે કે ઘરમાં ટેલિવિઝન અથવા રેડિયો અથવા મોબાઈલ તો નથી ને ? અને જો હોય તો એના ઉપર કેવા પ્રકારના પ્રોગ્રામો જોવામાં આવી રહ્યા છે તેના ઉપર ધ્યાન દેવામાં આવે. સૌ પ્રથમ એ વાતની કોશિશ કરવામાં આવે કે ટીવી જેવી વસ્તુઓને ઘરમાં આવવા દેવામાં ન આવે.

ઘરના માહોલને વધારે સારો બનાવવા માટે એ વાત પર ધ્યાન આપવામાં આવે કે ઘરની સ્ત્રીઓ, પુત્રો, પુત્રીઓ, પુત્રવધુઓ વગેરે કેવા કપડાં પહેરે છે? સંતાનોને બચપણમાં જેવા કપડાં પહેરાવવામાં આવશે તેઓ આગળ જઈને તેવાં જ કપડાં પહેરશે. અમુક ઘરોમાં નાની બાળકીઓને પેન્ટ શર્ટ પહેરાવવામાં આવે છે. જયારે તેને કહેવામાં આવે છે કે બાળકી ને પેન્ટ શર્ટ ન પહેરાવવા જોઈએ તો તે સીધો જવાબ મળે છે કે હજુ તો બાળકી નાની છે. આ વિચાર ઘણો જ ખોટો છે. જયારે છોકરી બચપણથી પેન્ટ પહેરી રહી છે તો મોટી થઈને પણ એ પેન્ટ પહેરવાને જ અગ્રીમતા આપશે જ અને એની શરમ પણ નહીં હોય. ઘરની મોટી સ્ત્રીઓના પહેરવેશ ઉપર પણ નજર રાખવાની જરૂરત છે કેમકે જો ઘરની મોટી સ્ત્રીઓ ફેશનવાળા કપડાં પહેરશે તો સંતાનો કેવી રીતે ફેશનને સ્વીકારવાથી બચીને રહેશે ?

ઘરના માહોલને સુંદર બનાવવા માટે આ વાત પણ ધ્યાને લેવામાં આવે કે અજનબી મર્દોને પૂરતાં પરદા વગર ઘરમાં ન લાવવા જોઈએ. જો ઘરમાં કોઈ અજનબી માણસ અથવા નવજવાન આવે તો ઘરની સ્ત્રીઓ અને મોટી છોકરી ઓને સંપૂર્ણ રીતે પરદામાં રહેવાની તાકીદ કરવામાં આવે. જે ઘરોમાં ગેર મર્દોનું આવન – જાવન બેરોકટોક અને વધારે પ્રમાણમાં હોય છે એ ઘરમાં ઘણા બધા પેચીદા મસાઈલ પેદા થાય છે.

સંતાનોના શિક્ષણની વ્યવસ્થા કરતી વખતે આ વસ્તુઓ પર ખાસ ધ્યાન

દોરવામાં આવે કે જે સ્કૂલમાં તેમને શિક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે તે સ્કૂલનો માહોલ કેવો છે? તેમાં છોકરા છોકરીઓનું શિક્ષણ અલગ અલગ થાય છે કે કેમ? જયાં ભેગુ શિક્ષણ હોય ત્યાંથી પોતાની દીકરીઓને દૂર જ રાખવામાં આવે. અને છોકરાઓને પણ આવી સ્કૂલોથી દૂર રાખવામાં આવે.

ગર્લ્સ સ્કૂલમાં છોકરીઓનો દાખલો કરાવતી વખતે એ બાબતની ખાતરી કરી લેવી જરૂરી છે કે સ્કુલનો માહોલ કેવો છે? ત્યાં અજનબી માણસો તો નથી આવતા ? અને સ્કૂલમાંથી છોકરીઓ હરવા–ફરવા માટે બહાર તો નથી નીકળતી ?

આ બધું કરવા – જાણવા પછી પણ સંતાનો પર ઊંડી નજર રાખવી જરૂરી છે. જેમકે :

તેઓ વખત પર સ્કૂલ અથવા કોલેજો પર પહોંચે છે કે કેમ ?

ક્યાં તેઓ રસ્તામાં તો નથી રોકાતા ?

સ્કૂલ અને કોલેજની રજા ક્યારે થાય છે ?

અને સંતાનો ઘરે ક્યારે પાછા ફરે છે ?

જો સંતાનો પાસે મોબાઈલ અથવા ગાડી હોય તો તેઓ તેનો ઉપયોગ ક્યાં કરે છે? કેવો કરે છે કોના થી વાત કરે છે?

કોના ઘરે જાય છે ? કોને પોતાના ઘરે બોલાવે છે ?

જયારે પણ પોતાના સંતાનોને થોડા પણ ભટકતા મહસુસ કરો કે તરત જ હિકમત થી તેમને ગલત વસ્તુથી સુરક્ષિત રાખવાની મહેનત કરો.

ઊંડી નજર રાખ્યા વગર મુસ્લિમ છોકરીઓને ગેર મુસ્લિમ છોકરાઓ સાથે અથવા મુસ્લિમ છોકરાઓને ગેર મુસ્લિમ છોકરીઓ સાથેના સંબંધો અથવા શાદીના બનાવોને રોકી શકાશે નહીં.

સાથે મહત્વની વાત આ છે કે સંતાનોને ઈસ્લામ વિષે વધુ માહિતી અને જ્ઞાન આપવામાં આવે, અને સાથે જ એના અમલીકરણ ઉપર પણ ધ્યાન આપવામાં આવે.

*અનુવાદ : ફૈઝુલ્લાહ સગીર વલણવી. દવરએ હદીસ. જામિઅહ જંબુસર*

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## મસ્જિદ માટે ખરીદેલ પ્લોટ અને સરકારી જમીન ઉપર મસ્જિદનો હુકમ

સવાલઃ સલામ મસ્નૂન બાદ ઉમ્મીદ છે કે ખૈરીયતથી હશો, વિશેષમાં નમ્ર અરજ છે કે અમો એક લાંબી મુદતથી મદ્રસા, મસ્જિદ માટે તથા ઈમામ સાહેબ અને મુદર્રિસ સાહેબના મકાન વિગેરે માટે ખૂબ હેરાન અને પરેશાન થઈ રહયા છીએ. મસ્જિદની જગ્યા પ્રાપ્ત ન થતાં અમોએ એક સરકારી જગ્યા પર ઈબાદતખાનું બનાવ્યું છે અને આજ તારીખ સુધી આજ જગ્યાએ પાંચેવ નમાઝો પણ થઈ રહી છે, અને મદ્રસો પણ અહિંયા જ ચાલી રહયો છે, અને જગ્યા નાની હોવાથી અનેક પરેશાનીઓનો સામનો પણ થઈ રહયો છે.

વળી અમે ઘણા સમય પહેલા ચાર પ્લોટ પણ ખરીદયા હતા અને એમ વિચાર્યુ હતું કે ઈન્શાઅલ્લાહ ભવિષ્યમાં મસ્જિદ બનાવવા કામ આવશે, પણ જે ભાઈની પાસેથી લીધા હતા તેઓએ જ બે પ્લોટ ઉપર એક એક મુદતથી મકાન બનાવી લીધેલ છે, એટલે અમોએ બે જ પ્લોટના દસ્તાવેજ પણ કર્યા છે, અને એ બે પ્લોટની થતી કિમત આપી પણ દીધી છે અને એ પ્લોટો જેના ઉપર ખુદ માલિકે કબ્જો જમાવેલ છે, એના વિશે વારંવાર વાત ચલાવી, પણ કોઈ નિકાલ આવ્યો નથી અને ભવિષ્યમાં આવે એવી કોઈ ઉમ્મીદ પણ જણાતી નથી. એટલે જયારે આ મમલો પેશ આવ્યો ત્યારે અમોએ નકકી કરી લીધેલ કે હવે અહિંયા મસ્જિદ બની શકે નહીં. અને આજ સુધી આ બંને પ્લોટો એમ જ પડી રહયા હતા.

હાલમાં અમે ઉપરોકત બંને પ્લોટો પર નીચેના ભાગે મકતબની ઈમારત અને ઉપરના ભાગે ઈમામ સાહબનું મકાન બનાવવાના પ્લાનમાં છે, તો આપ સાહેબથી ફતવો એ વાતો પૂછવો છે કે મસ્જિદ માટે લીધેલ પ્લોટને આ પ્રમાણે ઉપયોગ થઈ શકે કે કેમ ? અથવા શું અમારે એ વેચાતા લેવા પડે ? અને ભવિષ્યમાં ગમે ત્યાં મસ્જિદ બને ત્યારે એ પ્લોટોની કીમત તેમાં વાપરવી પડે?

અને એક બીજી વાત એ પણ વિચારી રહયા છીએ, હાલમાં જે સરકારી જગ્યાએ ઈબાદતખાનું બનાવેલ છે, તો શું તેમા નમાઝ પઢવી જાઈઝ છે કે કેમ ?

અને જો સરકાર અમોને વેચાતી આપે અને અમે તેની કીંમત અદા કરી પછી તે જગ્યા ઉપર મસ્જિદ બનાવીએ તો શરીઅતની રૂએ એનો શું મસ્અલો છે તે પણ જવાબ આપવા ખાસ વિનંતી છે.

જવાબ: (૧) حامدًا و مصليًا ومسلمًا

ઈસ્લામી શરીઅતમાં દાન આપનારની ચોખવટ અને હેતુનું ઘણું જ મહત્વ છે, અમુક અપવાદ સૂરતો છોડીને એની પાબંદી કરવી જરૂરી છે, માટે રજૂ કરેલ સૂરતમાં જયારે કે ખરીદ કરવામાં આવેલ પ્લોટો, મસ્જિદ અર્થે દાન કરવામાં આવેલ પૈસાથી ખરીદ કરવામાં આવેલ હોય, એને મસ્જિદ તથા મસ્જિદના કામોમાં જ વાપરવામાં આવશે, જેથી કરી આપનારાઓના હેતુની પાબંદી થઈ શકે, આ હેતુના પુર્ણ કરવા માટે નીચે મુજબની સૂરતો ઈખ્તિયાર કરી શકાય છે.

(૧) મઝકૂર બે પ્લોટો વેચી, મસ્જિદ માટે અનુકૂળ એવી જગ્યા ખરીદ કરવામાં આવે, અને બેહતર આ સુરત જ છે કે એમાં દાન–ચાંદો આપનાર લોકના હેતુની સંપૂર્ણ પણે પુરૂ કરવું છે. (શામી : ૬ / ૬૬૫ ઉપરથી)

(૨) મઝકૂર બે પ્લોટો અથવા તેના ઉપર એક ઈમારત (જેમાં નીચે મદ્રસો ચાલી શકે અને ઉપરના ભાગમાં મુદર્રિસોના રહેઠાણની વ્યવસ્થા વાળી) મસ્જિદ તરફથી બનાવી મદ્રસાને ભાડે આપી દેવામાં આવે, અને આ ભાડાને મસ્જિદ માટે જમા રાખવામાં આવે, પ્લોટો ભાડે આપવાની સૂરતમાં મદ્રસો પોતે મદ્રસા અને રહેઠાણનું બાંધકામ કરશે. ઈમારત મદ્રસાની ગણાશે અને પ્લોટ મસ્જિદનો, જેનું ભાડું મદ્રસા પાસેથી વસૂલ કરવામાં આવશે. (શામી : ૬ / ૬૬૫, ૬૪૯, (ઝરરિય્યહ) ફતાવા મહમૂદિય્યહ : ૧૪ / ૩૦૫)

(૨) સરકારી જગ્યા જયાં ઈબાદતખાનું નમાઝ માટે બનાવવામાં આવેલ છે, તેમાં નમાઝ બાબત નીચેની વિગત રહેશે. (૧) સરકાર તરફથી સદર જમીન લોકોના વપરાશ માટે ખાલી છોડવામાં આવી હોય તો એવી સૂરતમાં નમાઝ પઢવામાં, ઈબાદતખાનુ બનાવવામાં કોઈ વાંધો નથી. (૨) સરકાર તરફથી આ પ્રમાણેના વપરાશની ઈજાઝત – પરવાનગી ન હોય, બલકે સરકારી રાહે ગુનો શુમાર થતો હોય, તો પછી આવી જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે, સરકાર પાસેથી ઈજાઝત લઈ ઈબાદતખાનું બનાવી, પછી નમાઝ પઢવામાં આવે, જેથી કરી લોકોની નમાઝ મકરૂહ ન થાય. (શામી : ૨ / ૪૫, ૧૫૨ ઉપરથી)

મઝકૂર જમીન મસ્જિદ માટે ખરીદ કરી, મસ્જિદ બનાવી શકાય છે.

તા. ૧૯ / ૨જબ / ૧૪૩૩ હિજરી – ૧૦ / જૂન / ૨૦૧૨ ઈસ્વી

બોધકથા...

ગત દિવસોમાં એક મેગેઝિનમાં વોશિંગ્ટન, અમેરિકાની એક રેસ્ટોરન્ટની દાસ્તાન વાંચવા મળી. આ રેસ્ટોરન્ટનો માલિક કદી અમેરિકામાં ભુખે રખડતા હતા. ગજવામાં પૈસા ન હોય એટલે અંદર જવાની પરવાનગી ન જ હોય, આમ તેઓ અનેક હોટલો સામે પહોંચતા, મોંઘીદાટ હોટલોમાં એક ભુખ્યા માણસને આપવા જેટલું ભોજન કયાંથી હોય ... તેઓ પસાર થઈ જતા. દિવસો બદલાયા અને તેઓ પાતે એક હોટલના માલિક બની ગયા. અને એમણે પોતાની હોટલમાં ભુખ્યાઓને મફત ભોજન આપવાનું શરૂ કર્યુ. કોઈ એમને પૂછે તો કહે છે કે હું પોતે આ દિવસો જોઈ ચુકયો છું. અને હવે મારી હોટલમાં આવનાર અમુક ગરીબોને તો અમે એટલા બધા ઓળખી ગયા છે કે એમની પસંદ અને જરૂરતને પણ જાણી ગયા છીએ. કોઈ દાંત – દાઢનો બીમાર છે, તો કોઈને બીજી બીમારી. એમને બધાને એમની જરૂરત મુજબનું ખાણું આપવામાં આવે છે.

આ જ દિવસોમાં એક દોસ્તના મોઢે એક બીજી દાસ્તાન સાંભળવા મળી. એક દુકાને તેઓ કોઈ વસ્તુ ખરીદવા બેસ્યા હતા. સામે એક હોટલ હતી. હોટલ સામે ૨૦ – ૨૫ ભીખારીઓ ખાવાના ઈન્તેઝારમાં બેસેલા હતા. એટલામાં એક માણસ ગાડીમાં આવ્યો અને હોટલના કાઉન્ટર ઉપર જઈને પૈસા ચુકવ્યા. તુરંત હોટલમાંથી રોટીઓ આવી અને ભીખારીઓના પ્લેટમાં વહેંચાવા લાગી અને પેલો માલદાર ગાડીમાં ત્યાંથી રવાના થઈ ગયો. આ માલદાર જેવો રવાના થયો કે તુરંત હોટલનો નોકર બહાર આવ્યો અને ભીખારીઓની પ્લેટમાંથી બધી રોટીઓ ભેગી કરીને પાછી લઈ ગયો. અમારા આ દોસ્તને ઘણી નવાઈ લાગી, પણ દુકાનદારે જણાવ્યું કે આવું રોજ બપોરે અને સાંજે અહિંયા અનેકવાર થાય છે. આ ભીખારીઓને અહિંયા બેસી રહેવાના બદલે ખાણું મળે છે, અને હોટલનો માલિક આ જ ૨૦ – ૨૫ ભીખારીઓને ખવડાવવાના નામ ઉપર અનેક માલદારો પાસેથી પૈસા વસૂલે છે. સવાર સાંજ આમ અનેક વાર રોટીઓ બહાર આવે છે અને પાછી અંદર જતી રહે છે, અને છેલ્લે એકવાર ભીખારીઓને પેટનો ખાડો પુરાય એટલું આપીને રવાના કરી દેવાય છે. હોટલના દરવાજે મોટું પાટિયું ભુખ્યાઓને ભોજનની વ્યવસ્થાનું મારેલું છે.

કહાનીનો સાર : કર્મ અને કરણીથી માણસનું ભીખારી કે દાનવીર હોવું નક્કી થાય છે. બાહય દેખાવથી નહીં. એમ તો ભીખારીઓ પણ આ કાળાબજારીમાં ભાગીદાર છે, પણ બંને પક્ષોને મુલવીએ તો સ્પષ્ટ થાય છે કે ભીખારીઓ સખી છે અને હોટલ માલિક એ બધાં કરતાં મોટો ભીખારી છે.

# Hazrat Mufti Saeed Palanpuri

## Life & Achievements

Hazrat Mufti Saeed Sb Palanpuri (RH) one of the most popular Hadith and Fiqh scholars, commentator of several Madrasas syllabus and Islamic books, author of many religious books, head of faculty members and Shaikhul Hadith of Darul Uloom Deoband and my beloved teacher passed away on Tuesday 25 Ramazan 1441 Hijra/19 May 2020, at the time of Chasht in the age of 77 years, in Mumbai. May Allah (swt) forgive him and gift him a beautiful and lofty abode in Jannatul Firdaus. (Aameen)

**Birth:**Hazrat Mufti Sb (rh) was born in 1360 Hijra corresponding to 1940 A.D, in Kalerha, Distt. Banaskatha north Gujarat India.

**Education:** When Hazrat Mufti Sb (rh) was five year old he commenced his educational journey from his dearly loved father Yusuf (rh). Later, his beloved father, sent him to the Maktab of Kalerha, where he acquired primary education from Maulana Daud Sb(rh), Maulana Habibullah Sb(rh) and Maulana Ibrahim Sb Junakiya (rh).

Having completed his Maktab education Hazrat Mufti Sb(rh) went to Chhapi accompanied by his maternal uncle Maulana Abdurahman Sb and took admission in Darul Uloom Chhapi, Gujarat and he studied there Persian language under his maternal uncle and other teachers. Then he took admission in the madrasa of Hazrat Maulana Nazeer Miyan Sb which is located in Palanpur city and studied basic Arabic books

including Sharah Jami four years.

In 1377 Hijra/1958 A.D, he travelled to Saharanpur and got admission in Madrasa Mazahir Uloom and studied a couple of Mantiq and philosophy books. For higher education he took admission in Darul Uloom Deoband in 1380Hijra/1961A.D and studied Jalalain and Al-Fauzul Kabeer under Hazrat Maulana Naseer Ahmed Khan Sb (rh), first tow volumes of Hidaya under Hazrat maulana Sayyed Akhtar Hussain Sb Deobandi (rh). He completed his Fazeelat in 1382 Hijra/1962 A.D. with distinction marks. He did one year Ifta course. Alongside, he memorized the Glorious Quran. He worked as assistant Mufti under Mufti Mahmood Ahmed Nanawtawi(rh).

His teachers at Darul Uloom Deoband listed below:

(1) Hazrat Maulana Sayyed Akhtar Hussain Sb Deobandi(rh) (2) Hazrat Maulana Basheer Ahmed Khan Sb Bulanshari(rh)(3) Hazrat Maulana Sayyed Hasan Sb(rh)(4) Hazrat Maulana Abdul Jaleel Sb Keranawi (rh)(5) Hazrat Maulana Islamul Haque Sb Azami (rh) (6) Hakeemul Islam Hazrat Mualana Qari Tayyeb Sb Deobandi (rh) (7) Hazrat Maulana Fakhrul Hasan Sb Muradabadi (rh) (8) Hazrat Maulana Zuhur Sb Deobandi(rh)(9) Hazrat Mualana Fakhruddin Sb Muradabadi(rh) (10) Hazrat Allama Ibrahim Sb Balyawi(rh) (11) Hazrat Maulana Mufti Sayyed Mahdi Hasan Sb Shajahanpuri (rh) (12) Shaihk Mahmood Abdul Wahhab Sb Misri (rh)

**Career:** After graduation from Darul Uloom Deoband, he was selected as a teacher of higher education in Darul Uloom Ashrafiya Rander Surat Gujarat, where he started his teaching career. He taught translation of the Holy Quran, Abudaud Sharif, Tirmidhi Sharif, Shamail, Muatain, Nasai Sharif, Ibn-e-Maja Sharif, Mishkat Sharif,

Jalalain Sharif, Sharah Aqaid, Hidaya and Husami etc.

He authored Darhi and Ambiya Ki Sunnatein, Huramat-e-Musahart in Urdu Al-Awnul Kabeer in Arabic etc. He wrote many articles and began to work on the books of Hujjatu Islam Hazrata Maulana Qasim Nanawtawi(rh).

**Selection at Darul Uloom Deoban:** Hazrat Mufti Sb (rh) was selected as a teacher at Darul Uloom Deoband at the behest of Hazrat Maulana Manzur Nomani Sb(rh) in 1393 Hijra/1973 A.D. He taught many books of various sciences. He Tirmidhi volume 01, for a long time. Due to his easy method and well documented and lucid lecture, he was very popular among the students.

When Hazrat Maulana Naseer Ahmed Khan Sb (RH) resigned due to his declining health and illness, Hazrat Mufti Sb (rh) was selected as head of the faculty members and Shaikhul Hadith in 1429 Hijra/2008 A.D. He started teaching Bukhari Sharif regularly since 2009 the year in which this humble slave of Allah Almighty took admission in Daruloom Deoband. And he continued to teach it till 2020. During this period thousands of students all over the world got privelege to learn from him.

**Scholarly Works**: Hazrat Mufti Sb (rh) authored more than 50 books on different topics, His every book is on important topic and acceptable in all people.

**Other Services :** Besides teaching and peninng books, Hazrat Mufti Sb (RH) travelled to many countries and delivered there speeches and sermons and guided people to the right path. Particularly, he used to spend

the month of Ramazan in the United States. And he would deliver there speeches on different topics. And at the end of his speech there used to be questions and answers session. People asked and posed their questions and he would answer them. His all speeches have been published namely “Ilmi Khutbat”.

Moreover, he participated in many seminars and religious congregations and presented his papers.

Honorary Certificate Presented to him by the president of India

It deserves to be mentioned here that Hazrat Mufti Sb (RH) was honored by the former president of India Pratibha Patil for his acknowledged expertise in Arabic.

**Baiyat Wa Suluk:** Along with his teaching career, Mufti Sb(rh) linked himself to blessed chain of Tasawwuf Wa Suluk. He got Baiyat on the blessed hand of Hazarat Shaikhul Hadith Maulana Zakariya Sb (RH). And he was granted Khilafat by him. But due his humbleness he used to conceal it.

In short, Hazrat Mufti Sb (RH) possessed a very humble personality. He was gifted very strong memory by Allah Almighty. He was given unparalleled wisdom and intelligence by Him. He dedicated his whole life to the remarkable services of Allah’s Book and His Prophet’s Ahadith. He served the Muslim Ummah selflessly. May Allah accept his works and reward him profusely in the hereafter and may He grant him Jannatul Fridaus! Aameen

---------------------------------------------------------------------------------------------------

### સરદારીનો આધાર

અબૂબક્ર બિન ઈયાશ રહ. ફરમાવે છે કે પહેલાંના લોકો, જહાલતના કાળના લોકો પણ, પોતાનો સરદાર અને નેતા બનાવવા માટે સખાવત કે બહાદૂરીને સામે રાખતા ન હતા, બલકે સહનશીલ, સહાયક અને વિશાળ હૃદય રાખનાર માણસને સરદાર બનાવતા હતા, બુરૂં ભલું સાંભળવામાં ધીરજવાન હોય. મુસીબતના સમયે પડખે ઉભો રહે અને કપરા સંજોગોમાં મદદગાર નીવડે.

### તબીબી વિદ્યા

હરમલહ રહ. ફરમાવે છે કે ઈમામ શાફેઈ રહ. તબીબી વિદ્યા પ્રત્યે મુસલમાનોની બેદરકારી ઉપર ઘણો જ અફસોસ કરતા હતા. અને ફરમાવતા કે મુસલમાનોએ એક તૃતીયાંશ ઈલ્મ – વિદ્યા ગુમાવી દીધી અને યહૂદીઓ – ઈસાઈઓને ભરોસે છોડી દીધી.

### મુસીબત વેળા શું મના છે ?

ઉબૈદ બિન હુમૈર રહ. ફરમાવે છે કે મુસીબત વેળા આંખોમાંથી આંસુ નીકળવા (રડવું) અને દિલ ગમગીન થાય તો એ બેસબ્રી અને રોક્કળ નથી, અને એમાં કોઈ વાંધો નથી. હા, અલ્લાહ તઆલા અને તકદીર વિશે બુરા વિચારો કરવા – બોલવા મના છે.

### સહાબા રદિ.નો એહતિયાત

અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલા રહ. ફરમાવે છે કે હું આ મસ્જિદમાં એકસો વીસ અન્સારી સહાબાને મળ્યો છું. જે હદીસ પણ તેઓ વર્ણવતા, એમાં એમની ઈચ્છા હોતી કે મારા કરતાં કોઈ બીજો વ્યકિત આ હદીસ બયાન કરે અને મારે વર્ણવવી ન પડી. જેને પણ કોઈ મસ્અલો પૂછવો પડતો તો એની ઈચ્છા હોતી કે કોઈ બીજો વ્યકિત એનો જવાબ આપી દે.

### દિલથી ઝિક્ર કરવાની ફઝીલત

મોઢે ઝિક્ર, તિલાવત વગેરે આમાલ ઉપર ફકત એટલો જ સવાબ મળે છે જે કુરઆન – હદીસમાં એના વિશે નક્કી વર્ણવવામાં આવ્યો છે. પણ જો ઝબાનના ઝિક્ર સાથે દિલનું ધ્યાન પણ શામેલ હોય, સાથે નેક અમલ પણ હોય તો જે સવાબ મળે છે એની માત્રા ફકત અલ્લાહને જ ખબર છે.

### અસબાબ અને તવક્કુલ

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ મક્કા છોડીને મદીના જવા લાગ્યા તો ગારે ષોરમાં થોડો સમય સંતાયા હતા. આ ઘટનાને ટાંકીને અલ્લામહ ઈબ્ને જવઝી રહ. ફરમાવે છે કે ખોફ અને મુસીબતથી બચવું અને દૂર જવું, એ માટેના અસબાબ અપનાવવા જાઈઝ છે. આવા સમયે તવક્કુલના નામે મુસીબત સામે બાથ ભીડવી જહાલત અને નાદાની છે.